RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 24-08-2026 I VOL : 12 I Issue : 159 I Page : 8 I Price : 1.00/-


**સુવિચાર**

આજની મહેનત
આવતીકાલની
ખુશી છે.
જીવન એક સફર છે,
દોડ નહીં.
”


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  સ્પેસમાં સેટેલાઇટ રી-ફ્યુલિંગ, દવાઓ બનાવવાની તૈયારી:પીએમને મળેલા...

4  ચોમાસા સત્ર નિષ્ફળ: લોકશાહીના લીરેલીરા ઉડે છે

6  કરીના કપૂર અને ધનુષની જોડી પહેલીવાર સાથે? બિગ બજેટની ફિલ્મમાં સ્ક્રિપ્ટ

7  શ્રીલંકા સામે પડિકલની સતત બીજી સેન્ચુરી, ગિલની ફિફ્ટી...


# FSSAIનો સપાટો: પેપ્સીકો, કોકાકોલા સહિતની કંપનીઓને 150 નોટિસ અપાઈ

## મેકડોનાલ્ડ્સ અને ડોમિનોઝ જેવી ચેઈન સામે પણ કાર્યવાહી


નવી દિલ્હી

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ ખાદ્ય પદાર્થો બનાવતી દેશ-વિદેશની દિગ્ગજ કંપનીઓ સામે લાલ આંખ કરી છે. FSSAI એ તાજેતરના મહિનાઓમાં નેસ્લે ઈન્ડિયા, પેપ્સીકો અને કોકા-કોલા ઈન્ડિયા સહિતની 150 થી વધુ અગ્રણી કંપનીઓને ભ્રામક જાહેરાતો, ખોટા દાવાઓ અને લેબલિંગ નિયમોના અનાદર બદલ કારણ દર્શાવક નોટિસ ફટકારી છે. ફૂડ રેગ્યુલેટરે સોશિયલ મીડિયા પર આ કાર્યવાહી અંગે સત્તાવાર વિગતો શેર કરીને ગ્રાહકોના સ્વાસ્થ્ય અને અધિકારોનું રક્ષણ કરવા માટેનો પોતાનો મક્કમ નિર્ધાર સ્પષ્ટ કર્યો છે. રેડ બુલ, કેડબરી અને મોન્ડેલેઝ જેવી બ્રાન્ડ્સ પણ રડારમાં FSSAI દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી અનુસાર, નિયમોનો ભંગ કરનારી બ્રાન્ડ્સમાં એબોટ ઈન્ડિયા, રેડ બુલ ઈન્ડિયા, ડાનોન ઈન્ડિયા, મોન્સ્ટર એનર્જી, હેલ એનર્જી, મોન્ડેલેઝ ઈન્ડિયા, ફેરરો ઈન્ડિયા, ડિયાજિયો અને પર્નોડ રિકાર્ડ જેવા મોટા નામોનો સમાવેશ થાય છે. રેગ્યુલેટરે ખાસ કરીને એનર્જી ડ્રિંક્સ અને આલ્કોહોલિક પીણાં બનાવતી કંપનીઓ સામે કડક વલણ અપનાવ્યું છે. નિયમોના ગંભીર ઉલ્લંઘનને કારણે કેટલીક કંપનીઓના ઉત્પાદનોનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. માત્ર ખાદ્ય ઉત્પાદકો જ નહીં, પરંતુ ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને જાણીતી ફૂડ ચેઈન્સ સામે પણ FSSAI એ કડક પગલાં લીધા છે. દિગ્ગજ ઈ-કોમર્સ કંપનીઓ એમેઝોન અને ફ્લિપકાર્ટને 12 નોટિસો મોકલવામાં આવી છે. જેમાં એમેઝોનના 1 વેરહાઉસનું લાઈસન્સ પણ રદ કરી દેવાયું છે. આ ઉપરાંત કેએફસી, મેકડોનાલ્ડ્સ, પિઝા હટ, ડોમિનોઝ અને કોસ્ટા કોફી જેવી ફૂડ સર્વિસ બ્રાન્ડ્સને 30 થી વધુ નોટિસો પાઠવવામાં આવી છે. નિયમોના ભંગ બદલ ડોમિનોઝના 5 લાઈસન્સ સસ્પેન્ડ (સ્થગિત) કરવામાં આવ્યા છે.




**એક નજર...**

### નિક્કી તંબોલીએ આપ્યા ગ્લેમરસ પોઝ



અભિનેત્રી નિક્કી તંબોલી જ્યારથી ટીવીના લોકપ્રિય રિયાલિટી શો બિગ બોસની સિઝન 14માં જોવા મળી ત્યારથી તે હેડલાઈનમાં રહે છે. નિક્કી તંબોલી ખાસ કરીને તેના બોલ્ડ એક્ટ માટે હેડલાઈન્સમાં રહે છે. સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહેતી નિક્કી તંબોલી અવારનવાર પોતાના બોલ્ડ ફોટા શેર કરતી રહે છે.

**NEWS TRACK**

### અમેરિકા અને અમારી વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ:કેનેડિયન PMએ ટ્રમ્પના ટેરિફને હુમલો ગણાવ્યો

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ અમેરિકા સાથેના વધતા વેપાર વિવાદ અંગે જણાવ્યું છે કે “અમે યુદ્ધમાં છીએ, કારણ કે અમારા પર હુમલો થયો છે.” તેમણે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફને કેનેડા પર હુમલો ગણાવ્યો. કાર્નીએ કહ્યું કે અમેરિકાએ વેપાર વાટાઘાટોના છેલ્લા રાઉન્ડમાં એવી શરતો મૂકી હતી, જેને કેનેડા સ્વીકારી શકે નહીં. હવે કેનેડા અન્ય દેશો સાથે વેપાર વધારશે. અમેરિકા પર નિર્ભરતા ઘટાડશે. કેનેડા દબાણમાં એવી ડીલ મંજૂર નહીં કરે, જે તેના હિતો અને સાર્વભૌમત્વને નુકસાન પહોંચાડે. અમેરિકાએ કેનેડાના લગભગ 20 અબજ ડોલરના સામાન પર 50% ટેરિફ લગાવ્યો છે. આના પર કેનેડાએ પણ અમેરિકી સામાન પર વળતો ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે, જે 8 સપ્ટેમ્બરથી લાગુ થશે. અમેરિકા અને કેનેડા વચ્ચે 3 દિવસ સુધી ચાલેલી ટ્રેડ ડીલની વાતચીત નિષ્ફળ રહી. ત્યારબાદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે મધ્યરાત્રિથી કેનેડાના 20 અબજ ડોલર (લગભગ 1.9 લાખ કરોડ રૂપિયા)ના સામાન પર 50% ટેરિફ લાગુ કરી દીધો. આ ટેરિફ કેનેડા દ્વારા અમેરિકા મોકલવામાં આવતા.

### બાંગ્લાદેશમાં હિન્દુ પરિવારના 4 લોકોના શંકાસ્પદ મોત: નિવૃત્ત શિક્ષક, પત્ની અને બાળકોના મૃતદેહ મળ્યા

બાંગ્લાદેશના રંગપુર શહેરમાં એક હિંદુ પરિવારના ચાર સભ્યો શંકાસ્પદ હાલતમાં મૃત મળી આવ્યા. તેમાં સ્કૂલના નિવૃત્ત શિક્ષક, તેમની પત્ની, 23 વર્ષની પુત્રી અને 12 વર્ષનો પુત્ર સામેલ છે. ચારેયના મૃતદેહ શનિવારે રાત્રે એક બંધ ઘરમાંથી મળી આવ્યા હતા. પોલીસ, CID અને ડિટેક્ટિવ બ્રાન્ચની ટીમો તપાસ કરી રહી છે. મૃતકોની ઓળખ ગણપતિ ચક્રવર્તી (65), તેમની પત્ની પ્રીતિલતા ચક્રવર્તી (50), પુત્રી આગામી ચક્રવર્તી પ્રાર્થી (23) અને પુત્ર પ્રિયમ ચક્રવર્તી (12) તરીકે થઈ છે. ગણપતિ રંગપુર જિલ્લા સ્કૂલમાં શિક્ષક હતા અને ગયા વર્ષે 31 ડિસેમ્બરે નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ પછી તેઓ હોમિયોપેથીનું કામ પણ કરી રહ્યા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ, પ્રીતિલતાની નાની બહેન પૂજા ચક્રવર્તીએ તેમની સાથે ગુરુવારે બપોરે છેલ્લી વાર વાત કરી હતી. ત્યારબાદ ગુરુવાર રાતથી પરિવારના ચારેય મોબાઈલ ફોન બંધ થઈ ગયા હતા. શનિવારે રાત્રે પરિવારજનો રંગપુરના દાસપાડા વિસ્તારમાં તેમના ઘરે પહોંચ્યા. ઘરનો મુખ્ય દરવાજો બંધ હતો.

## દિલ્હીમાં રક્ષણ મંત્રાલયના મહિલા અધિકારીના રહસ્યમય મોતથી ખળભળાટ

નવી દિલ્હી

રાજધાની દિલ્હીના દ્વારકા વિસ્તારમાંથી એક એક ચકચારી ઘટના પ્રકાશમાં આવી છે. સંરક્ષણ મંત્રાલયમાં 30 વર્ષીય સહાયક સેક્શન ઓફિસર (ASO) નાઝિયા ખાનમનું તેમના ઘરે શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું. મૃતક નાઝિયા ગર્ભવતી હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું હતું. મૃતકના પરિવારે તેના પતિ અને સાસરિયાઓ વિરુદ્ધ માનસિક અને શારીરિક શોષણનો આરોપ લગાવીને કેસ દાખલ કર્યો છે. પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, નાઝિયા ખાનમના લગ્ન 11 એપ્રિલ, 2026ના રોજ આઝમ અલી ખાન સાથે થયા હતા. નાઝિયાના પિતા તોવાબ ખાને આરોપ લગાવ્યો હતો કે લગ્ન પછીથી તેના પતિ આઝમ અલી ખાન, સાસુ સમીન નિશા, સસરા બાબર અલી ખાન અને પરિવારના અન્ય સભ્યો નાઝિયાને હેરાન કરતા હતા અને સતત માનસિક ત્રાસ આપી રહ્યા હતા. પરિવારનો આક્ષેપ છે કે નાઝિયા તેના સાસરિયા દ્વારા આપવામાં સમસ્યાઓ વિશે ફોન પર તેના પરિવારના સભ્યોને જાણ કરતી હતી.

## PM મોદીએ નવી ભાજપ કારોબારી સાથે બેઠક કરી




PM મોદી સાંજે દિલ્હીમાં ભાજપના મુખ્યાલયે પહોંચ્યા. તેમણે પાર્ટીની નવી રાષ્ટ્રીય ટીમ સાથે મુલાકાત કરી. મુલાકાતની જાણકારી આપતા PMએ X પર લખ્યું- પાર્ટીના સાથીઓ સાથેની બેઠક સારી રહી. આવી બેઠકો પાર્ટીને મજબૂત કરવા અને જનતા સાથે જોડાણ પર ઊંડા વિચાર-વિમર્શનું મંચ બની રહે છે. આ પહેલા શનિવારે સવારે નવા પદાધિકારીઓની ભાજપ અધ્યક્ષ નિતિન નબીન સાથે પણ બેઠક થઈ હતી.

## મોટા કંદોઈ અને બેકરીવાળા માટે નવો નિયમ, ખાંડનો 15 દિવસથી વધુનો સ્ટોક ગેરકાયદે ગણાશે

નવી દિલ્હી

જો તમે મોટા મીઠાઈ, બેકરી, બિસ્કિટ, કન્ફેક્શનરી કે સોફ્ટ ડ્રિંકના વ્યવસાય સાથે જોડાયેલા છો, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તહેવારો પહેલાં ખાંડની સંગ્રહખોરી અને વધતા ભાવ પર અંકુશ લગાવવા માટે સરકારે એક મોટું પગલું ભર્યું છે. હવે મોટા પ્રમાણમાં ખાંડનો ઉપયોગ કરતા મોટા વેપારીઓ માટે નક્કી કરેલી સીમાથી વધુ ખાંડનો સ્ટોક રાખવો મુશ્કેલ બની શકે છે. નવા નિયમ હેઠળ નક્કી કરેલી સીમાથી વધુ ખાંડ જમા રાખવા પર કાર્યવાહી થઈ શકે છે. તહેવારોમાં વધતી માંગ અને સ્ટોક મર્યાદા


વાસ્તવમાં, ઓગસ્ટથી નવેમ્બર વચ્ચે ગણેશ ચતુર્થી, દશેરા અને દિવાળી જેવા તહેવારોને કારણે ખાંડની માંગ ખૂબ જ ઝડપથી વધી જાય છે. આ દરમિયાન અવારનવાર ઘણા વેપારીઓ પહેલાથી જ મોટા પ્રમાણમાં ખાંડ ખરીદીને સ્ટોક કરી લે છે. સરકારે આ બાબતને ધ્યાનમાં રાખીને મોટા ખરીદદારો માટે સ્ટોકની અવધિ ઘટાડીને હવે 15 દિવસ કરી દીધી છે.

## અનામત અમારો અધિકાર, દાનમાં નથી મળ્યું: આંદોલન મુદ્દે ભડક્યા ભાજપના સાથી નેતા

### ડૉ. આંબેડકરે વંચિતોને અધિકાર આપ્યા હતા, સરકાર પ્રદર્શનકારીઓ સાથે વાતચીત કરવા તૈયાર છે

નવી દિલ્હી

દિલ્હીના જંતર મંતર ખાતે થઈ રહેલા 'અનામત હટાવો આંદોલન'ના વિરોધ પ્રદર્શનો વચ્ચે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને અનામત વ્યવસ્થાનું સમર્થન કર્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે અનામત એ કોઈ દયા કે ભેટ નથી, પરંતુ બંધારણીય અધિકાર છે. જે જ્ઞાતિઓ અને સમુદાયોએ સદીઓથી ભેદભાવનો સામનો કરવો પડ્યો છે તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાના ઉદ્દેશ્યથી બંધારણમાં આ જોગવાઈ કરવામાં આવી છે. કોઈ વ્યક્તિ કે જૂથ માત્ર માંગણી કરે તેટલાથી અનામત ખતમ થઈ શકે નહીં. ડો. આંબેડકરનું બંધારણ અને અનામતનો વ્યાપ ચિરાગ પાસવાને બિહારમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે, અનસુચિત જાતિ (SC) ની ઓળખ અસ્પૃશ્યતા અને સામાજિક ભેદભાવના આધારે કરવામાં આવી હતી. જ્યારે અનસુચિત જનજાતિ (ST)ની પોતાની આગવી સંસ્કૃતિ, ભાષા અને જીવનશૈલી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણમાં અનામતની જોગવાઈ કરીને આ વંચિત વર્ગોને અધિકાર આપ્યો હતો. સમય જતાં આ જોગવાઈઓને વધુ મજબૂત કરવામાં આવી છે અને આજે ઉચ્ચ જ્ઞાતિના ગરીબ લોકોને પણ (EWS) અનામતનો લાભ મળી રહ્યો છે. આટલા વ્યાપક બંધારણીય અધિકારને યોગ્ય વિચાર-વિમર્શ વગર નાબૂદ કરવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.



## સરકારના વાયદા પોકળ ગણાવી CJPનું અલ્ટીમેટમ: ફરી દેશવ્યાપી આંદોલનની તૈયારી

નવી દિલ્હી

કોકરોચ જનતા પાર્ટી (CJP) એ ચેતવણી આપી છે કે, જો સરકાર પોતાના વચનો પૂરા નહીં કરે, તો દેશમાં ફરી એકવાર શાંતિપૂર્ણ આંદોલન શરૂ કરવામાં આવશે. સીજેપીએ કેન્દ્ર સરકાર પર યુવાનો સાથે કરેલા વચનોથી ફેરવી તોળવાનો અને વિશ્વાસઘાત કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. પાર્ટીએ જણાવ્યું કે, 25 જુલાઈના રોજ જે સમજૂતીના આધારે દેશવ્યાપી આંદોલન પાછું ખેંચવામાં આવ્યું હતું, તે માગણીઓ સરકાર હવે પૂરી કરવામાંથી પીછેહઠ કરી રહી છે. સીજેપીની લીગલ ટીમ અને નેતાઓના જણાવ્યા અનુસાર, 18 ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકાર પાસે ત્રણ વખત વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલી એફઆઈઆર (FIR)ની પૂરી યાદી માગી હતી. સુપ્રીમ કોર્ટ બંધારણની કલમ 142 હેઠળ મળેલા વિશેષ અધિકારોનો ઉપયોગ કરીને તમામ કેસો એકસાથે રદ કરવા માગતી હતી.

# વિધાનસભા અધ્યક્ષે ચાલુ રાષ્ટ્રગાને ચાલતી પકડી

## અચાનક મંચ પરથી ઉતર્યા, કારમાં બેસીને રવાના થયા; કોંગ્રેસ નેતાનો સવાલ- 'શું આ અપમાન નથી?'



ઉન્નાવ

યુપી વિધાનસભા અધ્યક્ષ સતીશ મહાનાનો રાષ્ટ્રગાન અધવચ્ચે છોડીને જતા રહેવાનો વીડિયો સામે આવ્યો છે. ઉન્નાવમાં કાર્યક્રમ દરમિયાન પોલીસે પ્રોટોકોલ હેઠળ મહાનાને ગાર્ડ ઓફ ઓનર આપ્યું. તેના તરત જ બાદ રાષ્ટ્રગાન શરૂ થયું. સતીશ મહાનાએ ચાલુ રાષ્ટ્રગાનમાં જ તિરંગાને સલામી આપી, હાથ જોડ્યા અને મંચની પાછળની તરફ ઉતરી ગયા. થોડા અંતરે ઉભેલા સમર્થકો પણ તેમની પાસે પહોંચ્યા અને પગે લાગવા લાગ્યા. આ પછી મહાના કારમાં બેઠા અને ત્યાંથી રવાના થઈ ગયા. આ મામલો પૂરન નગરની એક સ્કૂલનો છે. જ્યાં મહાના પ્રિન્સિપાલ પરિષદના અધિવેશન અને શૈક્ષણિક સેમિનારમાં મુખ્ય અતિથિ તરીકે પહોંચ્યા હતા. વીડિયો રવિવારે સામે આવ્યો. કાર્યક્રમના આયોજકોએ ભાસ્કરને જણાવ્યું કે- જે જગ્યાએ સતીશ મહાના હાજર હતા, રાષ્ટ્રગાન ત્યાંથી ઘણું દૂર વાગી રહ્યું હતું. સતીશ મહાના શનિવારે સાંજે લગભગ 4 વાગ્યે એસવીએમ ઈન્ટર કોલેજના આસ્થા સભાગૃહ પહોંચ્યા. તેઓ લગભગ 40 મિનિટ સુધી કાર્યક્રમમાં રહ્યા. આ દરમિયાન 'શિક્ષા પ્રભા' પુસ્તકનું વિમોચન પણ કર્યું. મહાનાએ આચાર્યો અને શિક્ષણવિદોને પ્રામાણિકપણે પોતાની જવાબદારી નિભાવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે શિક્ષણ સંસ્થાઓ દેશના વિકાસનો પાયો છે. જો સંસ્થાઓ મજબૂત હશે તો દેશ મજબૂત બનશે. તેમણે કહ્યું કે રામ મંદિર માટે આપવામાં આવેલી રકમ ભગવાનના ચરણોમાં સમર્પિત છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## અમેરિકાના રોબિન્સવિલે સ્થિત અક્ષરધામ મંદિરની મુલાકાતે CM

ઠાસરા

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 22 ઓગસ્ટ 2026ના રોજ અમેરિકાના ન્યુ જર્સી સ્થિત રોબિન્સવિલે ખાતે નિર્માણ પામેલા ભવ્ય બી.એ.પી.એસ. (BAPS) સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરની વિશેષ મુલાકાત લીધી હતી. 'વાઈબ્રન્ટ ગુજરાત' વૈશ્વિક સમિટના પ્રચાર-પ્રસાર અર્થે અમેરિકાના પ્રવાસે પહોંચેલા મુખ્યમંત્રીએ અક્ષરધામ દ્વારા રજૂ કરાયેલી ભારતની સમૃદ્ધ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસત, સામાજિક ઉત્થાનના કાર્યો અને સ્વયંસેવકોના અસાધારણ સમર્પણની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. લગભગ 30 વર્ષ બાદ ગુજરાતના કોઈ મુખ્યમંત્રીની આ પ્રથમ અમેરિકા યાત્રા દરમિયાન સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંતો પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી અને પૂજ્ય નીલકંઠસેવાદાસ સ્વામીએ પુષ્પહાર પહેરાવી મુખ્યમંત્રી અને રાજ્યના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

મુખ્યમંત્રીએ પરિસરમાં હાલ આકાર લઈ રહેલા ઐતિહાસિક અક્ષરધામ મ્યુઝિયમની મુલાકાત લઈને પ્રભાવિત થયા હતા. અમેરિકામાં નિર્માણ પામનારા પ્રથમ હિન્દુ મ્યુઝિયમ પૈકીના આ ભવ્ય પ્રોજેક્ટમાં ભારતની સંસ્કૃતિને ઉજાગર કરતી 12 સ્થાપત્ય પ્રતિકૃતિઓ, 40 મલ્ટીમીડિયા શો, 85 ડાયોરામા અને 200 જેટલી કલાત્મક પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ આ મ્યુઝિયમને એક અનોખું વૈશ્વિક સીમાચિહ્ન ગણાવતાં જણાવ્યું હતું કે તે વિશ્વભરના લોકોને કરુણા, પારિવારિક મૂલ્યો અને નિઃસ્વાર્થ સેવાના શાશ્વત સિદ્ધાંતો સાથે જોડશે.

## બોટાદમાં રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરાઈ:સ્પેસ ક્વિઝના વિજેતાઓને સાયન્સ સિટીના વાઉચર મળ્યા

બોટાદ

બોટાદ: બોટાદના લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે એક સ્પેસ ક્વિઝનું આયોજન કરાયું હતું, જેમાં જિલ્લાની અંદાજે 22 શાળાઓના 411 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ક્વિઝમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને અમદાવાદ સાયન્સ સિટીની નિઃશુલ્ક મુલાકાત માટેના વાઉચર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાન પ્રત્યે જાગૃત કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ચંદ્રયાન-3 મિશન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત, રાષ્ટ્રીય અવકાશ દિવસ શા માટે ઉજવવામાં આવે છે અને તેનું મહત્વ શું છે તે વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા સમિતિ લોક વિજ્ઞાન કેન્દ્ર-બોટાદ દ્વારા, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું. બોટાદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય દીપકભાઈ ચૌહાણ, ડિરેક્ટર માધવસ્વરૂપદાસજી સ્વામી અને સેક્રેટરી મુકેશભાઈ કાનેટીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર હરપાલભાઈ સોલંકી, ઈન્ચાર્જ પ્રતાપભાઈ સોલંકી અને આઈ.પી. તથા ઈનોવેશન લેબના આઈ.પી. ઓફિસર ક્રિષ્નાબેન કળથીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સાયલામાં 700 લીટર દેશી દારૂ ઝડપાયો : ઈક્કો ગાડીમાંથી ₹3.40 લાખનો મુદ્દામાલ જપ્ત, ચાલક ફરાર

સાયલા

સાયલા પોલીસે હડાળા ગામથી ઢાકણીયા ગામ તરફ જતા રોડ પરથી 700 લીટર દેશી દારૂ ભરેલી ઈક્કો ગાડી ઝડપી પાડી છે. આ દારૂ અને ગાડી મળી કુલ 3,40,000નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જોકે, દારૂ ભરેલી ગાડીનો ચાલક પોલીસને જોઈને ફરાર થઈ ગયો હતો.

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલું (IPS) દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ પ્રોહિબિશન અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે લીંબડી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક વિશાલ રબારીના માર્ગદર્શન હેઠળ સાયલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. એન.એ. ડાભીએ પરિણામલક્ષી કામગીરી કરવા આદેશ કર્યો હતો. નાઈટ પેટ્રોલીંગ દરમિયાન સાયલા પોલીસ સ્ટાફના પો. કોન્સ. સિદ્ધરાજસિંહ અજીતસિંહ પરમારને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી. બાતમી મુજબ, સામતપર ગામનો મેરામણ ઉર્ફે રાહુલ રમેશભાઈ ચુ.કોળી ઈક્કો ગાડીમાં દેશી દારૂ ભરીને ઢાંકણીયા ગામ બાજુથી હડાળા બોર્ડ તરફ આવવાનો હતો. આ બાતમીના આધારે પોલીસે પંચો અને સ્ટાફ સાથે હડાળા બોર્ડથી ઢાંકણીયા તરફ જતા રોડ પર વોચ ગોઠવી હતી.

## મંદિરોમાં ચોરી કરનાર રીઢો આરોપી ઝડપાયો : ભરૂચ પોલીસે CCTV અને ટેકનિકલ સર્વેલન્સથી 8 ગુના ઉકેલ્યા

ભરૂચ

ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસે મંદિરોમાં ચોરી કરનાર રીઢા આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપીએ ભરૂચ શહેર અને આસપાસના વિસ્તારોમાં આઠથી વધુ મંદિરોમાં ચોરી કર્યાની કબૂલાત કરી છે. આ કાર્યવાહીથી સિદ્ધનાથનગરના અંબાજી મંદિર અને શક્તિનાથ મહાદેવ મંદિર સહિત બે ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે. પોલીસના જણાવ્યા અનુસાર, 17 ઓગસ્ટની રાત્રે સિદ્ધનાથનગરના અંબાજી મંદિરમાંથી દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી થઈ હતી. ફરિયાદ નોંધાયા બાદ પીઆઈ આર. એમ. વસાવાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમોએ તપાસ શરૂ કરી હતી.

આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ અને અગાઉના મંદિર ચોરીના આરોપીઓની માહિતીના આધારે પોલીસને મહત્વની કડી મળી હતી. પોલીસ તપાસમાં આરોપીની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી પણ સામે આવી છે.

ગુજકોમાસોલનો ઐતિહાસિક રેકોર્ડ

# 11 હજાર કરોડથી વધુના ટર્નઓવર સાથે સભાસદોને 20 ટકા ડિવિડન્ડની જાહેરાત

### ₹152.63 કરોડનો ગ્રોસ પ્રોફિટ, રિઝર્વ ફંડ વધીને ₹216 કરોડ થયા; નિવૃત્તિ વયમર્યાદા 58થી વધારીને 60 વર્ષ કરાઈ




ગાંધીનગર

ગાંધીનગરના ટાઉન હોલ ખાતે આયોજિત 65મી વાર્ષિક સાધારણ સભામાં ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ (ગુજકોમાસોલ) દ્વારા સંસ્થાના ઈતિહાસની સૌથી શાનદાર આર્થિક કામગીરી જાહેર કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ 2025-26માં સંસ્થાએ રૂ. 11,479 કરોડનું રેકોર્ડબ્રેક ટર્નઓવર મેળવીને સહકારી ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે. સંસ્થાએ રૂ. 152.63 કરોડનો ગ્રોસ પ્રોફિટ અને કરવેરા બાદ રૂ. 60 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આ નાણાકીય સફળતાને પગલે બોર્ડ ઓફ ડિરેક્ટર્સે સભાસદોને 20 % ડિવિડન્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. આજે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ એટલે કે ગુજકોમાસોલની વાર્ષિક સાધારણ સભામાં કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ગુજકોમાસોલ અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, તથા વાઈસ ચેરમેન બિપીન પટેલ (ગોતા) સહિતના મહાનુભાવોની ઉપસ્થિતમાં ચાલુ નાણાકીય વર્ષ 2025-26 ના લેખાજોખા જાહેર કરાયા હતા. જે અંતગર્ત ચાલુ વર્ષ દરમિયાન સંસ્થાના ફંડમાં રૂ. 61.88 કરોડનો ઉમેરો થતાં રીઝર્વ તથા અન્ય ફંડો વધીને રૂ. 216 કરોડ થઈ ગયા છે. આ સાથે કાયમી મિલકતોમાં પણ રૂ. 48.92 કરોડ જેટલો માતબર વધારો નોંધાયો છે. ગુજકોમાસોલે ખેડૂતોને રૂ. 2115 કરોડના મૂલ્યનું 17.59 લાખ મેટ્રિક ટન ખાતર અને રૂ. 114.79 કરોડના ઉચ્ચ ગુણવત્તાવાળા સર્ટિફાઈડ બિયારણો પૂરા પાડ્યા છે.

આ ઉપરાંત જંતુનાશક દવાનું ટર્નઓવર પણ વધીને રૂ.3.13 કરોડ થયું છે. વધુમાં ટેકાના ભાવની ખરીદી અંતર્ગત રૂ.8,680 કરોડની રકમથી 12.27 લાખ મેટ્રિક ટન મગફળી, ચણા, સોયાબીન, રાયડો અને કઠોળની પૂર્ણ પારદર્શકતા સાથે ખરીદી કરવામાં આવી છે. ખેતીમાં આધુનિકતા લાવવા ડાયવર્સિફિકેશન અને વેલ્યુ એડિશન વિભાગે રૂ. 48 કરોડનું ટર્નઓવર પ્રાપ્ત કર્યું છે. ચાલુ સાલે 15,411 એકરમાં ડ્રોનથી દવાનો છંટકાવ કરાયો છે.

ગંદકી મળતાં પાણીપુરીનું પાણી, મસાલો અને ચિકનનો નાશ કરાયો

## કલોલમાં નાસ્તાની લારીઓ, પાર્લરોમાં ફૂડ સેફ્ટીની તપાસ : 9 સેમ્પલ લેવાયાં

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ નગરપાલિકા દ્વારા ખાણી-પીણીની દુકાનો અને લારીઓ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન નિયમોનો ભંગ કરનારા વેપારીઓ પાસેથી 8000 રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. સાથે અસ્વચ્છ ખોરાકનો નાશ કરવામાં આવ્યો હતો. 3 દિવસમાં 9 સેમ્પલ લેવાયા અને એક એકમને નોટિસ આપવામાં આવી હતી.



ગાંધીનગર કલેક્ટર રવિંદ્ર ખતાલેના આદેશ બાદ કલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર નીતિન બોડાત, પ્રમુખ જયશ્રીબેન પટેલ અને ડેઝિગ્નેટેડ ઓફિસર સુરેશ ઓડના નિર્દેશ પર ફૂડ સેફ્ટી ઓફિસર રાજેશ વાઘેલાએ તપાસ ઝુંબેશ ચલાવી હતી. આ કામગીરી દરમિયાન પાનીપુરીની લારીઓ, દાબેલી, વડાપાઉં, નાસ્તા પાર્લર અને પરોઠા હાઉસ જેવા સ્થળોની ચકાસણી કરવામાં આવી હતી. જે વેપારીઓ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટના નિયમોનું પાલન કરતા ન હતા અને જ્યાં અસ્વચ્છતા જોવા મળી હતી, ત્યાંથી પાણીપુરીનું પાણી, મસાલો, બટાકાનો માવો, રગડો અને ચિકનની વાનગીઓનો સ્થળ પર જ નાશ કરાયો હતો. આ સાથે જ 8000 રૂપિયાનો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન હોટેલ પુરોહિત પાર્લર, કા' ભાઈ પરોઠા હાઉસ, ખોડિયાર પરોઠા હાઉસ અને સેવન ધ ફૂડ કોર્નરમાં આવેલા દ્વારકેશ ફાસ્ટ ફૂડ, મહારાજ ભાજીપાઉં તથા વેફલ યુનિટને નિયમો જાળવવાની સૂચના આપી દંડ લેવાયો હતો. એક રેસ્ટોરન્ટને ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ પાઠવવામાં આવી છે. જો ફરીથી નિયમોનું ઉલ્લંઘન થશે તો તે એકમ બંધ કરવાની ચેતવણી આપવામાં આવી છે. ખોરાક બનાવતી અને પીરસતી વખતે માસ્ક, ગ્લોઝ અને એપ્રોનનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે.

## હિંમતનગરમાં દુર્ગા ઓવરબ્રિજ પર ગર્ડર લોન્ચિંગની કામગીરી શરૂ

હિંમતનગર

હિંમતનગરમાં દુર્ગા રેલવે ઓવરબ્રિજ પર બાકીના 9 સ્ટીલ ગર્ડર લોન્ચ કરવાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. અગાઉ 17 દિવસ પહેલા ચાર ગર્ડર લોન્ચ કરવામાં આવ્યા હતા.

આ 700 મીટર લાંબા અને 8.5 મીટર પહોળા દુર્ગા રેલવે ઓવરબ્રિજ પર 7 ઓગસ્ટના રોજ રેલવે ફાટક પર 121 ટનના ચાર સ્ટીલ ગર્ડર લોન્ચ કરાયા હતા. ત્યારબાદ તેને લગતી અન્ય કામગીરી ચાલી રહી હતી.



કુલ 42 ગર્ડર ધરાવતા આ ઓવરબ્રિજમાં ત્રણ સ્પાનમાં 9 ગર્ડર લોન્ચ કરવાની કામગીરી રવિવારે બપોરે બે ક્રેન દ્વારા શરૂ થઈ હતી. જેમાં એક 200 ટનની અને બીજી 250 ટનની ક્રેનનો ઉપયોગ કરાયો હતો. 50 ટન વજનના અને 25 મીટર લાંબા એક ગર્ડરને લોન્ચ કર્યા બાદ બીજો ગર્ડર પણ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. હવે બાકીના 7 ગર્ડર લોન્ચ કરવાની કામગીરી ચાલુ રહેશે. છાપરિયા તરફ ઓવરબ્રિજનું કામ ઝડપથી ચાલી રહ્યું છે, જ્યારે સિવિલ તરફના બીજા ભાગમાં કલરકામ શરૂ કરવામાં આવ્યું છે.

## ભરૂચ જેલમાં 16 કરોડના ખર્ચે સુવિધાઓનું લોકાર્પણ

### જેલની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે ફ્લેગ પોસ્ટ, સંત્રી બોક્સ, ગાર્ડ રૂમ તેમજ કિચન-ડાઇનિંગ સુવિધા સાથેની એસઆરપી બેરેકનું પણ નિર્માણ કરાયું

ભરૂચ

ભરૂચ જિલ્લા જેલ ખાતે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા આશરે રૂ.16 કરોડના ખર્ચે નવનિર્મિત વિવિધ સુવિધાઓ અને કમ્પાઉન્ડ વોલનું રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય અને તકતી અનાવરણ બાદ મંત્રી કમલેશ પટેલે જેલ પરિસરમાં નવનિર્મિત ફિમેલ બેરેક, હાર્ડકોર સેલ, બાળકો માટે આંગણવાડી, મેટ્રન ઓફિસ, કેન્ટીન, લાયબ્રેરી, ઈન્ડોર ગેમ્સ રૂમ, જનસેવા કેન્દ્ર અને એડમિનિસ્ટ્રેશન ઓફિસ સહિતની સુવિધાઓની મુલાકાત લીધી હતી. જેલની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે ફ્લેગ પોસ્ટ, સંત્રી બોક્સ, ગાર્ડ રૂમ તેમજ કિચન-ડાઈનિંગ સુવિધા સાથેની એસઆરપી



બેરેકનું પણ નિર્માણ કરાયું છે. આ ઉપરાંત, જેલની આશરે આઠ એકર જમીન ફરતે નવી મજબૂત કમ્પાઉન્ડ વોલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર જેલોના આધુનિકીકરણની સાથે સુધારાત્મક અભિગમ અપનાવી કેદીઓ તથા જેલ પરિવાર માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. ભરૂચ જેલ ખાતે રૂ.16 કરોડના ખર્ચે તૈયાર થયેલા આ પ્રકલ્પોથી જેલ તંત્રની કાર્યક્ષમતા અને સુરક્ષા વ્યવસ્થામાં વધુ સુદ્ઢતા આવશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજ, ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, અરૂણસિંહ રણા, વડોદરા ઝોન જેલના ડીઆઈજી સરોજ કુમારી, વડોદરા મધ્યસ્થ જેલ અધિક્ષક ઉષાબેન રાડા અને ભરૂચ જિલ્લા જેલના ઈન્ચાર્જ અધિક્ષક એન.સી. રાઠોડ સહિતના અધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરાના તલસટ ગામે

## પગ લપસતાં વિશ્વામિત્રી નદીમાં પડેલા આધેડને મગર ખેંચી ગયો

વડોદરા

વડોદરા નજીકના તલસટ ગામે ઘર પાસે પગ લપસી જતાં વિશ્વામિત્રી નદીમાં ખાબકેલા વ્યક્તિને મગર પાણીમાં ખેંચી ગયો હોવાની ઘટના સામે આવી છે. સ્થાનિકો અને તંત્રે ગત(22 ઓગસ્ટ) મોડી રાત સુધી હાથ ધરેલી ભારે શોધખોળ બાદ મગરના મુખમાંથી મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો.



તલસટ ગામના રાઠોડિયા વાસમાં રહેતા આધેડ રણછોડભાઈ રાઠોડ ઘરની પાસે ઊભા હતા, તે દરમિયાન અચાનક પગ લપસી જતાં વિશ્વામિત્રી નદીમાં ખાબક્યા હતા. તેઓ પાણીમાંથી બહાર નીકળે તે પહેલાં જ નદીમાં મગરે તેના પર હુમલો કરીને ખેંચી લીધા હતા. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ ગ્રામજનો અને સ્થાનિક રેસ્ક્યુ ટીમે નદી કાંઠે તાત્કાલિક સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. કલાકોની ભારે જહેમત બાદ મોડી રાત્રે રણછોડભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો, જેને મગરના જડબામાંથી ભારે પ્રયાસો બાદ છોડાવી બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતકના મોઢા તેમજ શરીરના અન્ય ભાગો પર મગરના જીવલેણ હુમલાના ગંભીર નિશાનો જોવા મળ્યા હતા.

અટલાદરા પોલીસે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં ખસેડ્યો છે. રણછોડભાઈનું મોત ડૂબી જવાથી થયું છે કે મગરના હુમલાથી, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. હાલ અટલાદરા પોલીસે સમગ્ર મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

## વાંકાનેરમાં ભારતનો શ્રાવણ માસનો પ્રથમ લોકમેળો શરૂ: જડેશ્વર મહાદેવના સાનિધ્યમાં 3 દિવસીય મેળો ખુલ્લો મુકાયો

### રતન ટેકરી પર સ્વયંભૂ જડેશ્વર દાદા બિરાજમાન છે, શ્રાવણ મહિનાના બીજા સોમવારે જડેશ્વર દાદાનો પ્રાગટ્ય દિવસ હોવાથી દર વર્ષે અહીં લોકમેળાનું આયોજન કરવામાં આવે છે

મોરબી

મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના કોઠારીયા ગામ નજીક રતન ટેકરી પર આવેલા જડેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં શ્રાવણ મહિનાના લોકમેળાનો પ્રારંભ થયો છે. રાજ્યના મંત્રી કાંતિભાઈ અમૃતિયાની ઉપસ્થિતિમાં લોકમેળો ખુલ્લો મુકાયો હતો. રાજ્યમંત્રીના જણાવ્યા મુજબ, શ્રાવણ માસ દરમિયાન સમગ્ર ભારતમાં યોજાતા લોકમેળાઓ પૈકી સૌપ્રથમ મેળો જડેશ્વર દાદાના સાનિધ્યમાં યોજાય છે.

રતન ટેકરી પર સ્વયંભૂ જડેશ્વર દાદા બિરાજમાન છે. શ્રાવણ મહિનાના બીજા સોમવારે જડેશ્વર દાદાનો પ્રાગટ્ય દિવસ હોવાથી દર વર્ષે અહીં લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. અગાઉ બે દિવસ ચાલતા મેળાનું આયોજન હવે ત્રણ દિવસ માટે કરવામાં આવ્યું છે. મેળામાં મોરબી અને સૌરાષ્ટ્ર ઉપરાંત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે.

લોકમેળાના ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યમંત્રી કાંતિ અમૃતિયા સાથે સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્ય જીતુ સોમાણી સહિત રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોની હાજરીમાં વિધિવત રીતે મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મેળો ખુલ્લો મુક્યા બાદ રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ પોતાના પરિવાર સાથે વિવિધ રાઈડ્સમાં બેસીને આનંદ માણ્યો હતો. તેમની પત્ની જ્યોત્સનાબેન અમૃતિયા, પુત્ર પ્રથમ અમૃતિયા તેમજ ધારાસભ્ય જીતુભાઈ સોમાણી સહિતના આગેવાનો અને તેમના પરિવારજનોએ પણ ફજેત, ટોરાટોરા, બ્રેક ડાન્સ અને ઝુલા સહિતની રાઈડ્સનો આનંદ લીધો હતો. રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે વર્ષોથી જડેશ્વર દાદાના સાનિધ્યમાં લોકમેળો યોજાય છે અને અત્યાર સુધી કોઈ અણબનાવની ઘટના બની નથી. પરિવાર સાથે મેળાની મુલાકાતે આવતા લોકો શાંતિપૂર્ણ માહોલમાં મેળાનો આનંદ માણે તેમજ જડેશ્વર મહાદેવના દર્શન, પૂજન અને પ્રસાદનો લાભ લે તેવી અપીલ તેમણે કરી હતી.

### સ્કાયરૂટ દર મહિને રોકેટ લોન્ચ કરશે

# સ્પેસમાં સેટેલાઇટ રી-ફ્યુલિંગ, દવાઓ બનાવવાની તૈયારી : PMને મળેલા સ્પેસ સ્ટાર્ટઅપ્સના ફાઉન્ડર્સે યોજનાઓ જણાવી

## સ્કાયરૂટે પીએમ મોદીને જણાવ્યું કે 18 જુલાઇએ ભારતના પહેલા પ્રાઈવેટ રોકેટથી સેટેલાઇટ્સને સફળતાપૂર્વક ઓર્બિટમાં સ્થાપિત કરવામાં આવ્યા હતા



નવી દિલ્હી

સ્પેસમાં પેટ્રોલ પંપ, કચરો હટાવનારા રોબોટ અને હવામાં તરતી દવાઓ. ભારતનો સ્પેસ સેક્ટર હવે ફિલ્મોમાં દેખાતી ટેકનોલોજીને સાચી કરવા પર કામ કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના 20 સ્પેસ સ્ટાર્ટઅપ્સના સ્થાપકો સાથે ખાસ વાતચીત કરી હતી.

પીએમએ ખાતરી આપી કે સરકાર ઉદ્યોગસાહસિકોનો સાથ ક્યારેય નહીં છોડે. જોખમ લેનારાઓને પૂરો સહયોગ મળશે. આ વાતચીત 21 ઓગસ્ટે કરવામાં આવી હતી, પરંતુ વીડિયો આજે 23 ઓગસ્ટે રિલીઝ કરવામાં આવ્યો છે. સ્કાયરૂટે પીએમ મોદીને જણાવ્યું કે 18 જુલાઈએ ભારતના પહેલા પ્રાઈવેટ રોકેટથી સેટેલાઈટ્સને સફળતાપૂર્વક ઓર્બિટમાં સ્થાપિત કરવામાં આવ્યા હતા. કંપનીએ અત્યાર સુધીમાં 3 ફેક્ટરીઓ તૈયાર કરી લીધી છે, જેમાં દર મહિને એક રોકેટ બનાવવાની ક્ષમતા છે.

કંપનીની યોજના દર મહિને એક રોકેટ લોન્ચ કરવાની છે. આ પછીનું લક્ષ્ય દર અઠવાડિયે એક અને ભવિષ્યમાં દરરોજ ઘણા રોકેટ લોન્ચ કરવાનું છે.

હૈદરાબાદની સ્કાયરૂટ એરોસ્પેસે શનિવાર, 18 જુલાઈના રોજ ભારતનું પહેલું પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ વિક્રમ-1 લોન્ચ કર્યું હતું. આ સફળ લોન્ચ પછી પીએમ મોદીએ સ્ટાર્ટઅપ ફાઉન્ડર સાથે ફોન પર વાત કરી હતી. હૈદરાબાદની સ્કાયરૂટ એરોસ્પેસે શનિવાર, 18 જુલાઈના રોજ ભારતનું પહેલું પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ વિક્રમ-1 લોન્ચ કર્યું હતું. આ સફળ લોન્ચ પછી પીએમ મોદીએ સ્ટાર્ટઅપ ફાઉન્ડર સાથે ફોન પર વાત કરી હતી.

સ્પેસ પેટ્રોલ પંપ: એક કંપની ડોકિંગ અને રિફ્યુલિંગ ટેકનોલોજી વિકસાવી રહી છે, જે અવકાશમાં જ સેટેલાઈટ્સમાં ઈંધણ ભરવાનું કામ કરશે. કચરો દૂર કરવો: એક રોબોટિક સ્પેસક્રાફ્ટ પર કામ ચાલી રહ્યું છે, જે અવકાશમાં તરતા નકામા અને 'ડેડ' સેટેલાઈટ્સને પકડીને ઓર્બિટમાંથી બહાર કાઢશે. સ્પેસ ફાર્મા: એક સ્ટાર્ટઅપ એવા સેટેલાઈટ્સ તૈયાર કરી રહ્યું છે જે અવકાશની ઝીરો-ગ્રેવિટીમાં દવાઓ બનાવશે અને પૃથ્વી પર લાવશે.

## રોકેટ બનાવવાનું કામ હવે ઇસરો નહીં પણ ખાનગી કંપનીઓને સોંપાશે

નવી દિલ્હી

અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતને અનેક સિદ્ધીઓ અપાવનારા ઈસરોમાં ધરખમ ફેરફારો થવા જઈ રહ્યા છે. અત્યાર સુધી સેટેલાઈટ, રોકેટ, લોન્ચ વ્હિકલ વગેરે તૈયાર કરવાની કામગીરી ઈસરો જ સંભાળતુ આવ્યું છે. જોકે હવે આ કામ ખાનગી કંપનીઓને સોંપવામાં આવશે અને ઈસરો રોકેટ કે લોન્ચ વ્હિકલ બનાવવાના કામથી મૂક્ત થઈ જશે, જ્યારે માત્ર રિસર્ચના કામ પર જ ધ્યાન આપશે. આ ખુલાસો ઈસરો અને ખાનગી ક્ષેત્ર વચ્ચેની કામગીરી સંભાળનારી સરકારી એજન્સી ઈન-સ્પેસના ચેરમેન ડો. પવન ગોએંકાએ કર્યો હતો. ૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત એજન્સી ઈન-સ્પેસના ચેરમેન ડો. પવન ગોએંકાએ વધુમાં કહ્યું હતું કે રોકેટ, લોન્ચ વ્હિકલ વગેરે તૈયાર કરવાની કામગીરી હવે ખાનગી ક્ષેત્રને સોંપવામાં આવશે અને તેની કામગીરી હાલ શરૂ પણ કરી દેવામાં આવી છે. ઈસરો હવે રિસર્ચ, એડવાંસ ટેક્નોલોજી, વૈજ્ઞાનિક મિશનો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. હાલમાં અન્ય કંપનીઓને કામગીરી સોંપવાનું શરૂ પણ કરી દેવામાં આવ્યું છે. સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હિકલ અથવા તો એસએસએલવીની ટેક્નોલોજી અને પ્રોડક્શનના અધિકારો હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ.ને સોંપી દેવામાં આવ્યા છે. એટલુ જ નહીં ભારતના સૌથી શક્તિશાળી રોકેટ પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હિકલ (પીએસએલવી) અને લોન્ચ વ્હિકલ માર્ક-૩ (એલવીએમ૩)ને પણ ખાનગી કંપનીઓને સોંપી દેવામાં આવશે.

### Adobeના સોફ્ટવેર એન્જિનિયરની હત્યાથી ચકચાર

# મહેમાન બનીને આવ્યા અને દીકરાને મોતને ઘાટ ઉતાર્યો.!!

નવી દિલ્હી

દિલ્હીના નિહાલ વિહાર વિસ્તારમાં એક આઘાતજનક ઘટના સામે આવી છે. નોઇડાની એડોબ (Adobe) કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કરતા 31 વર્ષીય વિનય ગુપ્તાની તેમની પત્નીના પરિવારજનો દ્વારા ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે. વિનયના માતાએ આઘાત સાથે જણાવ્યું કે, પત્નીના સગાંઓ ઘરે આવતાં તેમણે મહેમાન સમજીને સ્વાગત કર્યું હતું. માતા જ્યારે તેમને પાણી આપવા ગયા ત્યારે પત્નીના ભાઈઓ અને અન્ય સભ્યોએ વિનયને બેડ પર પાડી દીધો હતો. તેના ગળા પર હાથ મૂકી, છાતી પર કૂદીને અને પેટમાં લાતો મારીને તેની હત્યા કરી નાખી હતી. વિનયની બહેને આક્ષેપ કર્યો છે કે આ એક પૂર્વઆયોજિત ષડયંત્ર હતું. સવારે સામાન્ય ઘરેલું બોલાચાલી થયા બાદ પત્ની રેખા ઘરની બહાર નીકળી ગઈ હતી. તે માત્ર 10 મિનિટમાં જ પોતાના પરિવારના 6 સભ્યોને લઈને પાછી આવી હતી. જ્યારે તેનું સાસરું 30 મિનિટ દૂર આવેલું છે. આટલી ઝડપથી સગાંઓનું પહોંચી



જવું જ દર્શાવે છે કે આ હુમલો અગાઉથી આયોજિત હતો. હત્યા કરતા પહેલાં પત્નીએ ઘરના CCTV કેમેરા પણ બંધ કરી દીધા હોવાનો આક્ષેપ વિનયના પરિવારે લગાવ્યો છે. જ્યારે વિનય પર હુમલો થઈ રહ્યો હતો ત્યારે તેના કેન્સર પીડિત પિતા અને માતાએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ હુમલાખોરોએ વૃદ્ધ પિતા અને માતાને ધક્કો મારીને એક તરફ ફેંકી દીધા હતા. વિનયના માતા-પિતાનો તે એકમાત્ર પુત્ર હતો. તેને હોસ્પિટલ લઈ જવાય તે પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું.

## બેંક ગ્રાહકો માટે કામના સમાચાર: 24થી 30 ઓગસ્ટ વચ્ચે 4 દિવસ બેંકો બંધ

ગાંધીનગર

આગામી સપ્તાહે તારીખ 24 થી 30 ઓગસ્ટ 2026 દરમિયાન દેશના અલગ-અલગ રાજ્યોમાં તહેવારો અને અઠવાડિક રજાઓના કારણે બેંક શાખાઓ કુલ 4 દિવસ બંધ રહેશે. ઈદ-એ-મિલાદ, ઓણમ અને રક્ષાબંધન જેવા તહેવારોને કારણે વિવિધ રાજ્યોમાં બેંકોમાં કામકાજ બંધ રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના હોલિડે કેલેન્ડર મુજબ, 29 ઓગસ્ટે મહિનાનો પાંચમો શનિવાર હોવાથી તે દિવસે બેંકો ખુલ્લી રહેશે. 25 ઓગસ્ટ (મંગળવાર): કેરળ અને આંધ્રપ્રદેશમાં મિલાદ-ઉન-નબી / ઓણમ નિમિત્તે બેંકો બંધ રહેશે. 26 ઓગસ્ટ (બુધવાર): મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, તમિલનાડુ, ઉત્તરાખંડ, તેલંગાણા, મણિપુર, જમ્મુ-કાશ્મીર, ઉત્તર પ્રદેશ, કેરળ, દિલ્હી, બિહાર, છત્તીસગઢ અને ઝારખંડમાં ઈદ-એ-મિલાદ (બારાવફાત) અને તિરુઓણમના કારણે બેંકો બંધ રહેશે. 28 ઓગસ્ટ (શુક્રવાર): રક્ષાબંધન નિમિત્તે ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર, ઉત્તર પ્રદેશ, કેરળ અને હિમાચલ પ્રદેશમાં બેંકો બંધ રહેશે. 30 ઓગસ્ટ (રવિવાર): અઠવાડિક રજા (સાપ્તાહિક રવિવાર).

### પટણા હાઇકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

# ધાર્મિક પ્રવૃત્તિઓના અધિકાર સાથે જાહેર વ્યવસ્થા જાળવવી પણ જરૂરી

પટણા

બિહારના સિવાનમાં એક ધાર્મિક કાર્યક્રમ માટે ૩૦૦ જેટલા શ્રદ્ધાળુઓએ છૂટ માગી હતી, જોકે કાયદો વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પ્રશાસને તમામને છૂટ નહોતી આપી અને સંખ્યા મર્યાદિત રાખવા કહ્યું હતું. જે બાદ આ શ્રદ્ધાળુઓ દ્વારા પટના હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. જેમાં દાવો કરાયો હતો કે ૨૦૧૨માં શ્રદ્ધાળુઓની સંખ્યા ૨૦૦, ૨૦૧૩માં ૧૫૦ અને ૨૦૧૪માં ૧૦૦ કરી દેવાઈ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩માં માત્ર પાંચ જ લોકોને મંજૂરી અપાઈ હતી. આ પ્રતિબંધો બંધારણના આર્ટિકલ ૨૫માં મળેલા મૂળભૂત અધિકારોનો ભંગ છે. જોકે બિહાર સરકાર દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે કાયદો વ્યવસ્થા જળવાઈ





રહે તે માટે સંખ્યા ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સંખ્યા ઓછી મંજૂર કરાઈ હોવા છતા ૨૦૧૫થી ૨૦૨૨ દરમિયાન ૧૭૦૦થી ૨૦૦૦ લોકોએ ધાર્મિક કાર્યમાં ભાગ લીધો હતો. ૨૦૨૪માં ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો અને ટીડીઓના વાહનને આગ લગાવી દીધી હતી. બાદમાં પટના હાઈકોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે ધાર્મિક કાર્યોને બંધારણીય સંરક્ષણ મળેલું છે પરંતુ આ અધિકારો સંપૂર્ણ રીતે નથી મળ્યા, કાયદો વ્યવસ્થા જાળવીને જ ધાર્મિક કાર્યોનું પાલન કરી શકાય. રહેણાકી વિસ્તારોમાં તો ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.

### ભુલેશ્વરમાં 2 બાળકીઓ સહિત 5 લોકો ઈજાગ્રસ્ત

# મુંબઈમાં ગણેશ આગમન સરઘસમાં મોતનો માતમ: વિશાળ ગણેશ મૂર્તિ ધરાશાયી થતાં 2નાં મોત

મુંબઈ

ગણેશોત્સવ પૂર્વે મુંબઈમાં ઉત્સાહ અને ભક્તિનો માહોલ શોકમાં ફેરવાઈ ગયો છે. દક્ષિણ મુંબઈના ભુલેશ્વર વિસ્તારમાં શનિવારે રાત્રે ગણેશ આગમન સરઘસ દરમિયાન 'ભુલેશ્વર ચા રાજા'ની વિશાળ અને વજનદાર ગણેશ પ્રતિમા અચાનક નીચે પડી ગઈ હતી. આ દુર્ઘટનામાં 2 લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે, જ્યારે 2 નાની બાળકીઓ સહિત કુલ 5 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ દુર્ઘટના શનિવારે રાત્રે આશરે 10 વાગ્યે ભુલેશ્વરના બલરામ મર્ચન્ટ રોડ પર આવેલા કબૂતરખાના નજીક જય અંબે ચોકમાં બની હતી. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, 'ભુલેશ્વર ચા રાજા'ની ગણેશ પ્રતિમાને પંડાલ સુધી લઈ જવા માટે ધામધૂમથી આગમન સરઘસ કાઢવામાં આવ્યું હતું. ભક્તો ગણેશજીના સ્વાગતમાં મગ્ન હતા ત્યારે જય અંબે ચોક પાસે પ્રતિમા અચાનક સંતુલન ગુમાવી નીચે પડી ગઈ હતી. અચાનક બનેલી આ ઘટનામાં મૂર્તિની આસપાસ ચાલી રહેલા ઘણા ભક્તો તેની નીચે દબાઈ ગયા હતા અને સ્થળ પર ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ મુંબઈ ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ, ટ્રાફિક પોલીસ, એમ્બ્યુલન્સ સેવા અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત-બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. પાલિકાના અધિકારીઓએ આપેલી માહિતી મુજબ, દુર્ઘટના બાદ તમામ લોકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડૉક્ટરોએ 2 યુવકોને મૃત જાહેર કર્યા હતા. હોસ્પિટલ પ્રશાસન અને અધિકારીઓના જણાવ્યા મુજબ તમામ 5 ઈજાગ્રસ્તોની હાલત હાલ સ્થિર છે અને તેમની સારવાર ચાલી રહી છે. મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં ગણેશોત્સવ ભવ્ય સ્તરે ઊજવવામાં આવે છે. આ 10 દિવસીય ઉત્સવમાં ઘરો ઉપરાંત સાર્વજનિક પંડાલોમાં મોટી-મોટી પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવે છે.

### ભીડવાળી જગ્યાએ માસ્ક પહેરવાની અપીલ

# દિલ્હીમાં સ્વાઈન ફ્લૂનો કહેર: H1N1ના કેસ 1,777ને પાર, એક જ દિવસમાં 114 નવા દર્દી

નવી દિલ્હી

દેશની રાજધાની દિલ્હીમાં સ્વાઈન ફ્લૂ (H1N1) તેમજ મોસમી ઈન્ફ્લુએન્ઝાના કેસોમાં અચાનક મોટો ઉછાળો જોવા મળ્યો છે. દિલ્હીમાં આ વર્ષે સ્વાઈન ફ્લૂના કેસો 1,777ને વટાવી ગયા છે, જેમાં ગુરુવારે એક જ દિવસમાં 114 નવા દર્દીઓ સામે આવ્યા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારના આરોગ્ય વિભાગે તાત્કાલિક અસરથી જાહેર આરોગ્ય જાહેર કરી છે અને નાગરિકોને ભીડભાડવાળી જગ્યાએ



માસ્ક પહેરવા તેમજ વિશેષ સાવચેતી રાખવા અપીલ કરી છે. દિલ્હીમાં આ વર્ષે કુલ ઈન્ફ્લુએન્ઝાના 2,602 કેસ નોંધાયા છે. તેમાંથી 2,392 દર્દીઓ ઈન્ફ્લુએન્ઝા-A અને 210 દર્દીઓ ઈન્ફ્લુએન્ઝા-Bથી સંક્રમિત થયા છે. ઈન્ફ્લુએન્ઝા-A કેટેગરીમાં સૌથી વધુ પ્રભાવી H1N1 (સ્વાઈન ફ્લૂ) સ્ટ્રેઈન છે, જેના 1,777થી વધુ કેસ સામે આવી ચૂક્યા છે. આ ઉપરાંત H3, H1 અને અન્ય સબટાઈપ્સના કેસો પણ જોવા મળી રહ્યા છે. સમગ્ર વર્ષ દરમિયાન દિલ્હીમાં 2,300થી વધુ ઈન્ફ્લુએન્ઝા-Aના કેસ સામે આવતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે.

વાયરસના ફેલાવાને રોકવા માટે દિલ્હી સરકારે નાગરિકોને શ્વસન સ્વચ્છતા જાળવવા વિનંતી કરી છે: ભીડભાડવાળી જાહેર જગ્યાઓ પર ફરજિયાત માસ્ક પહેરવું. ખાંસી કે છીંક ખાતી વખતે મોં અને નાક રૂમાલ અથવા ટીશ્યુથી ઢાંકવું. વારંવાર સાબુ અને પાણીથી હાથ ધોવા.

## FASTagમાં ભૂલથી બે વખત ટોલ કપાઈ ગયો? પૈસા પરત મેળવવા માટે તરત કરો આ કામ

નવી દિલ્હી

એક્સપ્રેસવે અને હાઈવે પર મુસાફરી કરતી વખતે ટોલ પ્લાઝા પર ઓટોમેટિક FASTag સ્કેનર દ્વારા પેમેન્ટ થાય છે. ઘણીવાર ટેકનિકલ ખામી કે સિસ્ટમ એરરના કારણે વાહન ચાલકોના FASTag એકાઉન્ટમાંથી એકને બદલે બે વાર પૈસા કપાઈ જાય છે અથવા નિયમ કરતાં વધુ રકમ ડેબિટ થઈ જાય છે. મુસાફરી દરમિયાન મોટાભાગના લોકો આ બાબત પર તુરંત ધ્યાન આપી શકતા નથી.

સામાન્ય રીતે આવી ભૂલ થાય ત્યારે ઓપરેટર દ્વારા 7 દિવસમાં ઓટોમેટિક રિફંડ આપી દેવામાં આવે છે. પરંતુ જો ઓટોમેટિક રિફંડ ન મળે, તો તમારે પોતે પ્રક્રિયા કરીને નાણાં પરત મેળવવા પડે છે.

જો તમારા FASTag માંથી ખોટી રીતે પૈસા કપાયા હોય તો સૌથી પહેલા જરૂરી તમામ વિગતો એકઠી કરી લો. જેમાં ટોલ પ્લાઝાનું નામ, ગાડીનો નંબર, FASTag ID, ઘટનાની તારીખ, સમય અને પેમેન્ટનો મેસેજ કે ટ્રાન્ઝેક્શન ID નો સમાવેશ થાય છે. આ માહિતી સાથે તમે NHAI ની સત્તાવાર ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર 1033 પર કૉલ કરીને તમારી ફરિયાદ નોંધાવી શકો છો.

કૉલ દરમિયાન અધિકારીને તમામ વિગતો આપવાથી તમારી ફરિયાદ નોંધાઈ જશે. NHAI ઉપરાંત, તમારું FASTag જે બેંક અથવા ડિજિટલ વોલેટ એપ સાથે લિંક કરેલું છે, તેની મદદથી પણ રિફંડ મેળવી શકાય છે. તમારે તે બેંક અથવા એપ્લિકેશનના 'Help & Support' સેક્શનમાં જઈને ખોટી રીતે થયેલા ટ્રાન્ઝેક્શન પર ક્લેમ કરવાનો રહેશે. ત્યાં જરૂરી સ્ક્રીનશોટ અને ટ્રાન્ઝેક્શન વિગતો સબમિટ કરવાથી બેંક તમારી ફરિયાદની નોંધ લેશે અને તપાસ હાથ ધરશે.

### હિમાચલ પ્રદેશમાં ચોમાસાનો કાળો કહેર!

# 149 રસ્તાઓ ઠપ્પ, 224 લોકોએ જીવ ગુમાવ્યા અને 1121 કરોડનું નુકસાન...

શિમલા

હિમાચલ પ્રદેશમાં સતત વરસી રહેલા આફતના વરસાદે ભારે તારાજી સર્જી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના તાજેતરના અહેવાલ પ્રમાણે પહાડી રાજ્યોમાં રસ્તા, વીજળી અને પીવાના પાણીની યોજનાઓ ખોરવાઈ ગઈ છે. ભૂસ્ખલન અને પૂરના કારણે સમગ્ર રાજ્યમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. વરસાદી આફતમાં સૌથી વધુ માઠી અસર માર્ગ વ્યવહાર પર પડી છે.

ખાસ કરીની વાત કરવામાં આવે તો, આ સ્થિતિના કારણે રાજ્યભરમાં મંડીમાં સૌથી વધુ 86 રસ્તાઓ, કુલ્લુમાં 31 રસ્તાઓ સહિત કુલ મળીને 149 જેટલા રસ્તાઓ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે. આ સાથે ભૂસ્ખલનના કારણે વધુ 51 રસ્તાઓ બંધ થઈ જતાં સ્થાનિકો અને પ્રવાસીઓની મુશ્કેલીમાં



વધારો થયો છે.

રાજ્યમાં 60 વીજ ટ્રાન્સફોર્મર ઠપ્પ થવાથી મંડી અને ચંબાના અનેક વિસ્તારો અંધારપટમાં ડૂબ્યા છે. આ ઉપરાંત હમીરપુર અને શિમલા સહિત કુલ 35 પીવાના પાણીની યોજનાઓ ક્ષતિગ્રસ્ત થઈ છે, જેને પુનઃસ્થાપિત કરવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ચોમાસાની આ સિઝન દરમિયાન હિમાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં ભૂસ્ખલન, પૂર અને માર્ગ અકસ્માતોમાં કુલ 224 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે 330થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અતિવૃષ્ટિ અને કુદરતી આફતોના કારણે ખાનગી અને સરકારી મિલકતોને આશરે રૂપિયા 1121.30 કરોડ થી વધુનું મોટું આર્થિક નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત 441 પશુઓના પણ મોત નીપજ્યા છે.

હવામાન કેન્દ્ર શિમલા દ્વારા કાંગડા, મંડી, ચંબા અને કલ્લુ સહિતના વિસ્તારોમાં હજી પણ ભારે વરસાદ અને વીજળીના કડાકા-ભડાકા સાથે આંધી-તોફાનનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. નદી-નાળાઓના જળસ્તરમાં વધારો થવાની અને ભૂસ્ખલનની સંભાવનાને ધ્યાનમાં રાખીને પ્રશાસને લોકોને તથા પ્રવાસીઓને નદી કિનારે કે ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાં ન જવાની ખાસ સલાહ આપી છે.

### કંગના રણૌત પર વળતો પ્રહાર

# 'હું તુચ્છ લોકો પર કમેન્ટ કરવા નથી માંગતો....' : બાબા રામદેવ

નવી દિલ્હી

'મારી યુવાની કે બેડરૂમ વિશે સપના ન જુઓ' કહેનાર ભાજપ સાંસદ અને અભિનેત્રી કંગના રણૌત પર હવે બાબા રામદેવે વળતો પ્રહાર કર્યો છે. રામદેવે કંગનાને તુચ્છ વ્યક્તિ(ઓછી વ્યક્તિ) સુધી કહી દીધી છે. જો કે, તેમણે વિવાદને ખતમ કરવાની તરફ ઈશારો કરતા કહ્યું છે કે તેઓ હવે આ વિવાદને વધારવા માંગતા નથી. ખરેખર, કંગના રણૌતે જેન-જી જનરેશન પર કમેન્ટ કરતા તેને ગટર જનરેશન બતાવી હતી, જેનાથી બબાલ મચી ગઈ હતી. રામદેવે કંગનાને ઠપકો આપ્યો હતો અને પછી કંગનાએ પણ વળતો પ્રહાર કર્યો હતો.

હું આ વિવાદને વધારવા માંગતો નથી. સ્વામી રામદેવ શું છે, તે આખો દેશ જાણે છે. મારું યોગદાન શું છે, તે પણ આખો દેશ જાણે છે. એટલા માટે હું, તુચ્છ/ઓછા લોકો વિશે ટિપ્પણી કરવા માંગતો નથી.

ખરેખર, રામદેવે કંગનાના 'જનરેશન ગટર' વાળા નિવેદન પર કહ્યું હતું કે જેન-Z ને ગટર-પટર કહેવું બગડેલા મગજની નિશાની છે. તેમણે કંગનાની યોગ્યતા, બાળપણ, યુવાની અને જૂના કારનામાઓને લઈને પણ ટિપ્પણી કરી હતી. આ પછી કંગનાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા રામદેવ પર વળતો પ્રહાર કર્યો હતો.

બાબાજી, મારી જુવાની કે બેડરૂમ વિશે દિવસે સપનાં ન જુઓ. કોઈ માત્ર અફવાઓ અને ગોસિપના આધારે અંદાજ જ લગાવી શકે છે. ઓછામાં ઓછું મને ક્યારેય સુપ્રીમ કોર્ટમાંથી જૂઠા કે ફ્રોડ મેડિકલ દાવાઓ માટે ફટકાર નથી પડી. આ વાત પાક્કા તથ્યો પર આધારિત છે, કોઈ ગોસિપ કે અંદાજ પર નહીં. એટલા માટે મને ચરિત્ર વિશે ના બતાવો. મારું ચરિત્ર તમારા કરતાં ક્યાંય વધારે સારું છે, અને અહીં કોઈ છેતરપિંડી નથી.

## તંત્રી લેખ...

# બાળ જાતીય શોષણનો વર્ચ્યુઅલ વ્યાધિ વૈશ્વિક મહામારી બની રહ્યો છે!

વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦ સુધીમાં માત્ર બે વર્ષમાં અંદાજે એનસીએમઈસી સાઈબર ટિપ્સની સંખ્યા ૨ કરોડ જેટલી હતી. તેવી જ રીતે હાલમાં અંદાજે ૩.૬ કરોડ ફાઈલ્સ ફરી રહી છે. તે ફાઈલ પણ ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ અને એઆઈ જનરેટેડ પોર્ટલ્સમાં ફરી રહી છે. આ ફાઈલોમાં સૌથી વધારે અસરગ્રસ્ત વયજૂથના બાળકો જોઈએ તો તેમની ઉંમર ૭ થી ૧૫ વર્ષના સગીરો છે. આ લોકોને પ્રાઈવેટ ગ્રૂપ્સ, ગેમિંગ અને ચેટ્સ તથા ક્લાઉડ સ્ટોરેજના નામે છેતરવામાં આવે છે : સોશિયલ મીડિયાની દિગ્ગજ કંપનીઓ, ખાસ કરીને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વ્હોટ્સએપ જાહેરમાં સુરક્ષા અને એઆઈ મોનિટરિંગના મોટા મોટા દાવા કરે છે, પરંતુ આંતરિક તપાસ અને વ્હિસલબ્લોઅર્સના ખુલાસા દર્શાવે છે કે આ કંપનીઓની પ્રાથમિકતા યુઝર સેફ્ટી નહીં પણ માત્ર યુઝર એન્ગેજમેન્ટ અને પ્રોફિટ રહી છે આધુનિક યુગમાં માનવજાતે ટેકનોલોજીના ક્ષેત્રે હરણફાળ ભરી છે. સ્માર્ટફોન, હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે વિશ્વને એક વૈશ્વિક ગામડામાં પરિવર્તિત કરી દીધું છે. સામાન્ય નાગરિકો માટે આ માધ્યમો સંચાર, મનોરંજન અને અભિવ્યક્તિનું સાધન બન્યા છે, પરંતુ આ જ ઝગારા મારતી આભાસી દુનિયાના પાછળના અંધારા ખૂણામાં એક અત્યંત ઘૃણાસ્પદ, ક્રૂર અને રાક્ષસી ઉદ્યોગ ધમધમી રહ્યો છે. નિર્દોષ બાળકોનું જાતીય શોષણ અને તેના ડિજિટલ રેકોર્ડિંગ્સનો વૈશ્વિક વેપાર, જેને ટેકનિકલી અને કાયદાની ભાષામાં ભજીછસ્ (ભરૈનગ જીટેચન છમેજી સ્યાૌચિન - બાળ જાતીય શોષણ સામગ્રી) તરીકે ઓળખવામાં આવે છે. બાળકો સામેના આ ડિજિટલ



ગુનાખોરીએ હવે વૈશ્વિક મહામારીનું સ્વરૂપ ધારણ કર્યું છે. આ માત્ર કોઈ એક દેશ, સંસ્કૃતિ કે વર્ગ પૂરતી સીમિત સમસ્યા નથી, પરંતુ ઈન્ટરનેટના તાર સાથે જોડાયેલા સમગ્ર માનવ સમાજ સામે ઊભું થયેલું સૌથી મોટો નૈતિક જોખમ છે. વૈશ્વિક સ્તરે બાળ જાતીય શોષણ સામગ્રીના પ્રસારના આંકડા એટલા ભયાનક છે કે તે કોઈપણ વ્યક્તિને અસર કરી જાય તેમ છે. અમેરિકા સ્થિત વૈશ્વિક સ્તરે કાર્યરત સંસ્થા શભસ્ઈભ (શર્ચાૌહચન ભીહીા ર્કિ સૈ્જજૈહય : ઈટૅર્નૈાીગ ભરૈનગિીહ) ના સત્તાવાર ડેટા અનુસાર આવી ઘટનાઓના વાર્ષિક રિપોર્ટિંગમાં વિસ્ફોટ થયેલો છે. દર વર્ષે વિશ્વભરમાંથી ૩ કરોડથી લઈને સાડા ત્રણ કરોડથી વધુ સાયબર ટિપ્સ રિપોર્ટ થાય છે. દૈનિક ધોરણે લાખો ફાઈલો અપલોડ અને ડાઉનલોડ થાય છે. આ અહેવાલો અંતર્ગત અબજોની સંખ્યામાં આપત્તિજનક તસવીરો અને વિડિયો ડિજિટલ સર્વર્સ પર ફરતા પકડાય છે. આ સમસ્યા અંગે જાહેર થયેલા ડેટામાં સામે આવ્યું છે કે, વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦ સુધીમાં માત્ર બે વર્ષમાં અંદાજે એનસીએમઈસી સાઈબર ટિપ્સની સંખ્યા ૨ કરોડ જેટલી હતી. આ બધું જ ફેસબુક, ફેસબુક મેસેન્જર અને ફ્રી ડાઉલોડિંગ વેબસાઈટ્સ ઉપર ફરતું હતું. તેવી જ રીતે હાલમાં અંદાજે ૩.૬ કરોડ ફાઈલ્સ ફરી રહી છે. તે ફાઈલ પણ ઈન્સ્ટગ્રામ, ટેલિગ્રામ અને એઆઈ જનરેટેડ પોર્ટલ્સમાં ફરી રહી છે. આ ફાઈલોમાં સૌથી વધારે અસરગ્રસ્ત વયજૂથના બાળકો જોઈએ તો તેમની ઉંમર ૭ થી ૧૫ વર્ષના સગીરો છે. આ લોકોને પ્રાઈવેટ ગ્રૂપ્સ, ગેમિંગ અને ચેટ્સ તથા ક્લાઉડ સ્ટોરેજના નામે છેતરવામાં આવે છે. સૌથી ચિંતાજનક અને આંચકાજનક બાબત એ છે કે, સોશિયલ મીડિયાની દિગ્ગજ કંપનીઓ, ખાસ કરીને મેટા (ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વ્હોટ્સએપ), જાહેરમાં સુરક્ષા અને એઆઈ મોનિટરિંગના મોટા મોટા દાવા કરે છે, પરંતુ આંતરિક તપાસ અને વ્હિસલબ્લોઅર્સના ખુલાસા દર્શાવે છે કે આ કંપનીઓની પ્રાથમિકતા યુઝર સેફ્ટી નહીં પણ માત્ર યુઝર એન્ગેજમેન્ટ અને પ્રોફિટ રહી છે. ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકના રેકમેન્ડેશન અલ્ગોરિધમ્સ એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે કે તે યુઝરના રસ અનુસાર કન્ટેન્ટ સજેસ્ટ કરે છે. ઈન્વેસ્ટિગેટિવ પત્રકારત્વમાં બહાર આવ્યું છે કે બાળકોના ફોટા શોધતા શંકાસ્પદ પુખ્ત વયના એકાઉન્ટ્સને અલ્ગોરિધમ આપમેળે અન્ય સગીર બાળકોની પ્રોફાઈલ્સ અને શોષણયુક્ત હેશટેગ્સ તરફ દોરી જાય છે. આ ઉપરાંત કંપનીઓએ મેસેન્જર અને ઈન્સ્ટાગ્રામ ડીએમમાં 'પ્રાઈવસી'ના નામે એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન લાગુ કર્યું છે. પ્રાઈવસી સામાન્ય નાગરિકો માટે જરૂરી છે, પરંતુ યોગ્ય સેફગાર્ડ વિના આ સુવિધા આવા વિકૃતો માટે સુરક્ષિત કવચ બની ગઈ છે, કારણ કે સાયબર એજન્સીઓ પણ આ ચેટ્સ પકડી શકતી નથી.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ચોમાસું સત્ર નિષ્ફળ: લોકશાહીના લીરેલીરા ઉડે છે !

**છેલ્લાં દાયકાથી દેશની સંસદ ન્યાય અને નીતિઓના ઘડતર કરતાં વિરોધ, શોરબકોર, બેનરો દર્શાવવા, હોબાળા કરવા અને ગૃહના મોકૂફની રાજકારણનો અખાડો બની ગઈ છે. પ્રજા પોતાના પરસેવાની કમાણીમાંથી ટેક્સ ભરે છે જેથી દેશનું તંત્ર સરસ રીતે ચાલી શકે. પરંતુ જ્યારે લોકસભા અને રાજ્યસભામાં એકપણ કલાક કામ કર્યા વગર માત્ર સૂત્રોચ્ચાર અને હોબાળાને કારણે ગૃહ સ્થગિત કરી દેવામાં આવે છે, ત્યારે દર મિનિટે પ્રજાના લાખો રૂપિયા વેડફાઈ જાય છે. ચિંતાની વાત એ છે કે, આ સાંસદો હવે નીતિમત્તા ભુલી ગયા છે.**

છેલ્લાં દાયકાથી દેશની સંસદ ન્યાય અને નીતિઓના ઘડતર કરતાં વિરોધ, શોરબકોર, બેનરો દર્શાવવા, હોબાળા કરવા અને ગૃહના મોકૂફની રાજકારણનો અખાડો બની ગઈ છે. પ્રજા પોતાના પરસેવાની કમાણીમાંથી ટેક્સ ભરે છે જેથી દેશનું તંત્ર સરસ રીતે ચાલી શકે. પરંતુ જ્યારે લોકસભા અને રાજ્યસભામાં એકપણ કલાક કામ કર્યા વગર માત્ર સૂત્રોચ્ચાર અને હોબાળાને કારણે ગૃહ સ્થગિત કરી દેવામાં આવે છે, ત્યારે દર મિનિટે પ્રજાના લાખો રૂપિયા વેડફાઈ જાય છે. ચિંતાની વાત એ છે કે, આ સાંસદો હવે નીતિમત્તા ભુલી ગયા છે. સત્તામાં રહેવા કે સત્તામાં આવવા ઘણા હવે પોતાની કિંમત લગાવવા માંડયા છે. ગમે ત્યારે અને ગમે તે રીતે સાંસદોને ખરીદી શકાય છે, પોતાની તરફ કરી લેવાય છે. સત્તાની સાઠમારીમાં બધું જ ચાલે છે પણ પ્રજાનું કલ્યાણ ક્યાંય કોરાણે મુકી દેવાયું છે. તેમાંય સંસદની કામગીરી દરમિયાન વિરોધ કરવાનો અને પ્રજાના પ્રશ્નોને પડતા મુકી દેવાના. દર વર્ષે કરોડો રૂપિયા સાંસદો પાછળ ખર્ચવામાં આવે છે છતાં તેનું કોઈ પરિણામ મળતું નથી. સંસદનું ચોમાસુ સત્ર ગત અઠવાડિયે સમાપ્ત થઈ ગયું. છેલ્લા દિવસો સુધી સંસદની અંદર અને સંસદની બહાર એ જ નાટકિય ચિત્ર રહ્યું જે છેલ્લા દોઢ દાયકાથી દરેક સત્રની ઓળખ બની ચૂક્યું છે. માત્ર હોબાળો, સંસદની કામગીરી સ્થગિત થવી અને અને ઉતાવળમાં પસાર થતા ખરડાઓ. સત્રના અંતિમ તબક્કામાં એફસીઆરએ (ખભઈછ) સુધારા બિલને લઈને ગૃહમાં આકરી ચર્ચા થઈ. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે તેને સંયુક્ત સંસદીય સમિતિ (વૅભ) પાસે મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો, કોંગ્રેસ સાંસદ કે.સી. વેણુગોપાલે વિરોધ કરતાં તેને પાછું ખેંચવાની માંગ કરી અને આખરે ઘોંઘાટ વચ્ચે ગૃહે ધ્વનિ મતથી આ બિલને સંયુક્ત સંસદીય સમિતિ પાસે મોકલવાની મંજૂરી આપી. આ એકમાત્ર કિસ્સો નહોતો. સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે સ્વીકાર્યું કે આ સત્રમાં સરકારને ૧૨ પ્રસ્તાવિત બિલમાંથી ૧૧ને હોબાળા વચ્ચે કોઈ પણ ચર્ચા વગર પસાર કરાવવા પડયા, જેની જવાબદારી તેમણે વિપક્ષ પર નાખી.



બીજી તરફ, કેટલાક મોટા અને વિવાદિત વિધેયકો જેવા કે એફસીઆરએ સુધારા અને વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન બિલ સંયુક્ત સંસદીય સમિતિની સમીક્ષામાં અટવાઈને રહી ગયા. વિપક્ષના સતત હોબાળાને કારણે પ્રશ્નકાળ અને શૂન્યકાળ જેવી સંસદીય વ્યવસ્થાઓ અસરકારક રીતે ચાલી શકી નહીં. બે મોટા બિલ માત્ર ૧૪ મિનિટમાં પસાર કરી દેવામાં આવ્યા, જ્યારે સીમાંકન વિધેયકને લઈને અગાઉથી ચાલી રહેલી ચર્ચા છતાં સરકારે તેને ફરીથી પટલ પર રજૂ કરવાનું ટાળી દીધું. કદાચ હવે શિયાળુ સત્રમાં તેનો વારો આવે તેમ લાગે છે. ભાજપે વર્ષ ૨૦૧૪માં સત્તા સંભાળ્યા પછી તરત જ ૧૬મી લોકસભાએ મોટી આશાઓ જગાડી હતી. તે વર્ષે લોકસભાએ બજેટ સત્રમાં તેના નિર્ધારિત સમયના ૧૦૪ ટકા અને શિયાળુ સત્રમાં ૯૮ ટકા સમય કામ કર્યું હતું, જ્યારે રાજ્યસભા બજેટ સત્રમાં ૧૦૬ ટકા સમય ચાલી હતી. તેવી જ રીતે વર્ષ ૨૦૧૯માં જ્યારે એનડીએ સરકાર ફરી સત્તામાં આવી, ત્યારે પ્રારંભિક ઉત્સાહ વધુ હતો. તેમાંય ૧૭મી લોકસભાનું પ્રથમ સત્ર ૨૦ વર્ષમાં સૌથી વધુ કામકાજ ધરાવતું સાબિત થયું, જેમાં કામકાજ ૧૨૮ ટકા સુધી પહોંચ્યું અને રાજ્યસભામાં લગભગ ૯૮ ટકા કામ થયું. ઉલ્લેખનીય છે કે, આ કામગીરીનો દેખાડો ખાસ લાંબો ચાલ્યો નહીં. હવે વાસ્તવિકતા ઉપર નજર નાખીએ તો ખ્યાલ આવશે કે આ નાટકિયા નેતાઓએ વિરોધ અને સમર્થનના ખેલના નામે લોકશાહીના લીરેલીરા ઉડાડવા સિવાય અને પ્રજાને મૂર્ખ બનાવવા સિવાય કશું જ કર્યું નથી. ઉલ્લેખનીય છે કે, ૧૭મી લોકસભાએ કુલ ૨૭૪ બેઠકો કરી, એટલે કે વાર્ષિક સરેરાશ માત્ર ૫૫ દિવસ, જે સંસદીય ઈતિહાસમાં સૌથી ઓછો છે. આ સમયગાળા દરમિયાન લોકસભા તેના નિર્ધારિત સમયના ૮૮ ટકા અને રાજ્યસભા માત્ર ૭૩ ટકા જ ચાલી શકી. આ જ સમયગાળામાં બંને ગૃહોમાં ગંભીર ગેરશિસ્તના કારણે સાંસદોના નિલંબનની ૨૦૬ ઘટનાઓ નોંધાઈ અને જવાબદેહીનું સૌથી મહત્ત્વનું સાધન ગણાતો પ્રશ્નકાળ પણ નબળો પડતો ગયો. લોકસભામાં માત્ર ૨૪ ટકા અને રાજ્યસભામાં ૩૧ ટકા પ્રશ્નોના મૌખિક જવાબો મળી શક્યા. જાણકારોના મતે સાંસદોના ધતિંગોને પગલે કાયદો બનાવવાની પ્રક્રિયા પર આની સીધી અસર પડી. તેના કારણે જ ૫૮ ટકા બિલ રજૂ થયાના બે અઠવાડિયાની અંદર જ પસાર કરી દેવામાં આવ્યા, અને લોકસભામાં ૩૫ ટકા બિલો પર એક કલાક કરતાં પણ ઓછી ચર્ચા થઈ. સમિતિ વ્યવસ્થા, જેને કાયદાઓની ઝીણવટભરી તપાસનું સૌથી વિશ્વસનીય માધ્યમ માનવામાં આવે છે, તે આ સમયગાળા દરમિયાન સૌથી વધુ નબળી પડી. જ્યાં ૧૪મી અને ૧૫મી લોકસભામાં ૬૦ ટકાથી વધુ બિલો સંસદીય સમિતિઓને મોકલવામાં આવતા હતા, ત્યાં ૧૬મી અને ૧૭મી લોકસભામાં આ આંકડો ઘટીને ૨૦ ટકા થઈ ગયો. ખાસ વાત એ છે કે, ૧૭મી લોકસભામાં તો માત્ર ૧૦ ટકા બિલ જ સમિતિઓને મોકલાયા, એટલે કે માત્ર ૧૪ વિધેયકોની જ સમીક્ષા થઈ શકી. સમગ્ર રીતે ૨૦૧૯-૨૦૨૪ના ગાળાનું સરેરાશ કામકાજ માત્ર ૪૨ ટકા રહ્યું, જે ૧૯૫૨ પછી સૌથી ઓછી બેઠકો ધરાવતો લોકસભા કાર્યકાળ બન્યો. ઉલ્લેખનીય છે કે, ૧૮મી લોકસભામાં આ વલણ થોડું વધ્યું. ડિસેમ્બર ૨૦૨૪ના શિયાળુ સત્રમાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સ્વીકાર્યું કે લોકસભાનું કામકાજ માત્ર ૫૪ ટકા અને રાજ્યસભાનું ૪૦ ટકા રહ્યું હતું. ચોમાસુ સત્રમાં બંને ગૃહોમાં ૧૧૪-૧૧૪ કલાકનું કામ પ્રસ્તાવિત હતું, પરંતુ હોબાળાને કારણે લોકસભામાં કામકાજ ઘટીને માત્ર ૧૯ ટકા અને રાજ્યસભામાં ૩૯.૧૭ ટકા જ થઈ શક્યું; એટલે કે કુલ ૧૭૩ કલાક અને ૧૦ મિનિટનો સમય ઘોંઘાટ અને અવરોધમાં વેડફાઈ ગયો. એવું કહેવું ખોટું હશે કે સંસદ ઠપ થવાની આ પરંપરા ૨૦૧૪ પછી શરૂ થઈ છે. યુપીએના દસ વર્ષ, ખાસ કરીને તેનો બીજો કાર્યકાળ

# વિકસિત થતાં પહેલાં જ 'વૃદ્ધ' થઇ જશે ભારત!

**સંયુક્ત રાષ્ટ્રના 'ઇન્ડિયા એજિંગ રિપોર્ટ-2023' મુજબ, 2022માં 60 વર્ષથી વધુ વયના 14.9 કરોડ ભારતીયો 2050 સુધીમાં 34.7 કરોડ થશે, એટલે કે દર પાંચમાંથી એક ભારતીય વૃદ્ધ હશે. દક્ષિણ અને પશ્ચિમના રાજ્યો ઝડપથી વૃદ્ધ થઇ રહ્યા છે, જ્યારે ઉત્તર ભારતમાં યુવા વસતી વધી રહી છે. કેરળમાં 60+ વયના લોકોનો હિસ્સો 20% પહોંચ્યો છે.**

સંયુક્ત રાષ્ટ્રના 'ઈન્ડિયા એજિંગ રિપોર્ટ-૨૦૨૩' મુજબ, વર્ષ ૨૦૨૨માં ૬૦ વર્ષથી વધુ વયના લોકોની સંખ્યા ૧૪.૯ કરોડ હતી, જે ૨૦૫૦ સુધીમાં વધીને ૩૪.૭ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. એટલે કે પચીસ વર્ષ પછી દર પાંચમાંથી એક ભારતીય વૃદ્ધ હશે : દક્ષિણ અને પશ્ચિમના ઘણા રાજ્યો ઝડપથી વૃદ્ધ થઈ રહ્યા છે. જ્યારે ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં યુવા વસતી સતત વધી રહી છે. દક્ષિણમાં કુલ પ્રજનન દર ઘણી જગ્યાએ ૧.૪ થી ૧.૫ આસપાસ પહોંચી ગયો છે, જે વસતીના રિપ્લેસમેન્ટ સ્તર ૨.૧ કરતાં ઘણો ઓછો છે. કેરળમાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોનો હિસ્સો લગભગ ૨૦ ટકા સુધી પહોંચી ગયો છે : બિહાર, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોની વસતી હજુ પણ ઘણી યુવાન છે. બિહારની સરેરાશ ઉંમર ૨૩ વર્ષથી પણ ઓછી હોવાનું કહેવાય છે. અહીં પ્રજનન દર પણ દક્ષિણના રાજ્યો કરતાં ઘણો વધારે છે. વિશ્વના વિકસિત અર્થતંત્રોમાં સ્થાન પામેલા અને અદ્યતન સ્વાસ્થ્ય-તબીબી સેવાઓના માળખા પર ઊભેલા જાપાનના પગ વૃદ્ધાવસ્થાને કારણે હવે લથડી રહ્યા છે. જન્મદર સતત ઘટવાને કારણે કામ કરતી યુવા વસતી ઘટી રહી છે, જેના પરિણામે વિવિધ ક્ષેત્રોમાં કામદારોની અછતની સમસ્યા સર્જાવા લાગી છે. આ વાત તો માત્ર જાપાનની થઈ પણ દુનિયાની સૌથી મોટી લોકશાહી પણ નજીકના ભવિષ્યમાં આ જ સ્થિતિમાં આવવાની છે. આશરે ૧૪૦ કરોડની વસતી ધરાવતા ભારતમાં હાલ વિશ્વની સૌથી મોટી યુવા વસતી છે, જે કુલ વસતીના આશરે ૬૫ ટકા છે. તાજેતરના પિરિયોડિક લેબર ફોર્સ સર્વે મુજબ, ભારતમાં ૧૫થી ૧૬ ટકા કમાણી કરવા યોગ્ય યુવા વસતી પાસે રોજગાર નથી. એટલે કે હાલના સમયે પણ દેશની ૩૬.૭ કરોડ યુવા વસતી અર્થતંત્રમાં સક્રિય યોગદાન આપવા માટે તૈયાર છે, પરંતુ વિડંબના એ છે કે અહીં દરેક માટે કામ ઉપલબ્ધ નથી. હાલ દેશમાં દોઢથી અઢી કરોડ યુવાનો બેરોજગાર છે અને તેમાં પણ શિક્ષિત યુવાનોની સંખ્યા વધુ છે. આવા સંજોગોમાં એ સવાલ ચિંતા વધારે છે કે પચીસથી ત્રીસ વર્ષ પછીની સ્થિતિ કેવી હશે? સંયુક્ત રાષ્ટ્રના 'ઈન્ડિયા એજિંગ રિપોર્ટ-૨૦૨૩' મુજબ, વર્ષ ૨૦૨૨માં ૬૦ વર્ષથી વધુ વયના લોકોની સંખ્યા ૧૪.૯ કરોડ હતી, જે ૨૦૫૦ સુધીમાં વધીને ૩૪.૭ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. એટલે કે પચીસ વર્ષ પછી દર પાંચમાંથી એક



ભારતીય વૃદ્ધ હશે. સ્પષ્ટ છે કે વિકસિત અર્થતંત્રના તબક્કે પહોંચતા પહેલાં જ ભારતની ગણતરી વૃદ્ધ દેશોમાં થવા લાગશે. કેન્દ્ર સરકાર બજેટનો આશરે ૧૮ ટકા હિસ્સો આરોગ્ય, શિક્ષણ અને સમાજ કલ્યાણ પર ખર્ચે છે. આમાંથી વૃદ્ધો સંબંધિત યોજનાઓના હિસ્સે માત્ર ૦.૧૫થી ૦.૨૦ ટકા રકમ જ આવે છે. સરકારી તિજોરીમાંથી ૬,૬૪૫ કરોડ વૃદ્ધાવસ્થા પેન્શન પર ખર્ચાય છે, જે ગરીબી રેખા નીચે જીવતા લોકોને આપવામાં આવે છે. આ રકમ દેખાવમાં ભલે મોટી લાગે, પરંતુ કેન્દ્ર તરફથી વ્યક્તિદીઠ વૃદ્ધ પેન્શન પેટે ૨૦૦ થી ૫૦૦ની નજીવી સહાય જ મળે છે, જેમાં રાજ્યો પોતાના બજેટનો મોટો હિસ્સો ઉમેરીને તેને ૨,૦૦૦ થી ૩,૦૦૦ સુધી નક્કી કરે છે. બીજી એક રસપ્રદ બાબત એ છે કે દેશનો મધ્યમ વર્ગ અર્થતંત્રની કરોડરજ્જુ છે, જે સૌથી વધુ કરવેરાનો બોજ ઉઠાવે છે. પગારદાર અને વેપારી મધ્યમ વર્ગ પોતાની કુલ આવકનો આશરે ૨૦થી ૪૫ ટકા હિસ્સો વિવિધ પ્રકારના ટેક્સ તરીકે ચૂકવે છે. તેમ છતાં આ વર્ગને સીધી રીતે સરકાર તરફથી કોઈ સામાજિક સુરક્ષા કે નિશ્ચિત વૃદ્ધાવસ્થા પેન્શન મળતું નથી. આ વર્ગ સરકારી માપદંડો મુજબ મજબૂર, ગરીબ કે નીચલા વર્ગમાં આવતો ન હોવાથી તેને સરકારની કલ્યાણકારી યોજનાઓનો સહારો પણ મળતો નથી. એટલે કે તેણે પોતાના વર્તમાન અને ભવિષ્યની ચિંતા જાતે જ કરવી પડે છે. હવે પ્રશ્ન એ છે કે આ અસુરક્ષાનું દબાણ શું આવનારા વર્ષોમાં અર્થતંત્ર પર નહીં પડે? દેશમાં પ્રજનન દર ખૂબ જ ઝડપથી ઘટી રહ્યો છે તે પણ એક મોટી સમસ્યા છે, કારણ કે કામકાજી યુવા પેઢીમાં બાળકો પેદા ન કરવાની અથવા માત્ર એક બાળક સુધી મર્યાદિત રહેવાની વૃત્તિ વધી રહી છે. સરકારી આંકડા મુજબ, હાલ દેશમાં કુલ પ્રજનન દર ૧.૯ છે, જે વસતીના સ્થિર સંતુલનના જરૂરી આંકડા ૨.૧ કરતાં ઓછો છે. પ્રજનન દરમાં ઘટાડાની શરૂઆત ૧૯૭૦ના દાયકાના મધ્યથી થઈ ગઈ હતી, જેમાં સૌથી વધુ ઝડપ ૧૯૯૦થી ૨૦૦૦ વચ્ચે નોંધાઈ હતી. જે પ્રજનન દર વર્ષ ૧૯૯૧માં ૩.૬ ટકા હતો, તે ૨૦૦૧ આવતા સુધીમાં ૩.૧ ટકા રહી ગયો. વર્ષ ૨૦૦૧થી અત્યાર સુધીમાં પ્રજનન દરમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે.

# રેશમી તાંતણે બંધાયેલો આત્મિક વૈભવ: રક્ષાબંધનનો પાવન સ્નેહોત્સવ

માનવ સંસ્કૃતિ અને સંબંધોના ભવ્ય ઈતિહાસમાં જો કોઈ એક એવો ઉત્સવ હોય જે ભૌતિકતાની સીમાઓ ઓળંગીને સંપૂર્ણપણે આત્મિક ભીનાશ અને પવિત્રતા પર ટકેલો છે, તો તે રક્ષાબંધન છે. શ્રાવણી પૂર્ણિમાનો આ પાવન દિવસ એટલે માત્ર સૂતરના એક દોરાનો તહેવાર નહીં, પરંતુ ભાઈ-બહેનના નિઃસ્વાર્થ પ્રેમ, અતૂટ વિશ્વાસ અને પરસ્પરના સમર્પણનો દિવ્ય મહોત્સવ.



આજના ભૌતિકવાદી યુગમાં જ્યાં સંબંધોની વ્યાખ્યાઓ બદલાઈ રહી છે, ત્યાં રક્ષાબંધનનો આ પવિત્ર તાંતણો આપણને આપણા કૌટુંબિક મૂળિયા અને નૈતિક મૂલ્યો તરફ પાછા વળવાનું પરમ આહવાન કરે છે. સાહિત્યિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ આ વિશિષ્ટ સમય હૃદયના ભાવોને સર્વોચ્ચ ઊંચાઈ પર લઈ જાય છે. ભાઈ અને બહેનનો સંબંધ એ પ્રકૃતિ અને વિધાતાનું એક અદ્ભુત સર્જન છે. બાળપણની એ નિર્દોષ મસ્તી, નાની-નાની વાતોમાં થતા મીઠા ઝઘડા અને એકબીજા પ્રત્યેની અકળ ચિંતા એ જ આ સંબંધની ખરી અસ્મિતા છે. જ્યારે એક બહેન પોતાના ભાઈના કાંડા પર રક્ષાસૂત્ર બાંધે છે, ત્યારે તે માત્ર લાંબુ આયુષ્ય જ નથી માંગતી, પરંતુ ભાઈના જીવનની તમામ મુશ્કેલીઓ પોતે હરી લેવાની મૂક પ્રાર્થના કરે છે. સામે પક્ષે, ભાઈ પણ બહેનની રક્ષાનું વચન આપીને તેના સ્વાભિમાનની ઢાલ બનવાનો દ્રઢ સંકલ્પ લે છે. હૃદયના આ પરમ પવિત્ર અને લાગણીસભર ભાવને સ્વરચિત કાવ્ય પંક્તિઓમાં આ રીતે કંડારી શકાય:

'કાજલના વ્હાલથી ભીંજાતો
રૂપેશનો આખો સંસાર છે,
રેશમી આ દોરામાં વણાયેલો અણમોલ સ્નેહનો આલાપ છે.'

આ પવિત્ર પર્વ આપણને માત્ર મીઠાઈ વહેંચવાની કે ભેટ-સોગાદો આપવાની પ્રેરણા નથી આપતો, પરંતુ સામાજિક સમરસતાનો પણ બહુ મોટો સંદેશ આપે છે. રક્ષાબંધન એ સ્ત્રીત્વના સન્માનનું પ્રતીક છે. ઈતિહાસ સાક્ષી છે કે આ રેશમી તાંતણાએ યુદ્ધો રોક્યા છે અને અજાણ્યા પરિવારોને પણ એક તાંતણે બાંધ્યા છે. આજના આધુનિક અને વિજાણુ યુગમાં આપણે સોશિયલ મીડિયા પર શુભેચ્છાઓનું આદાન-પ્રદાન તો કરીએ છીએ, પણ સાચો રાષ્ટ્રપ્રેમ અને સામાજિક સ્નેહ તો સમાજની પ્રત્યેક નારી પ્રત્યે આદરભાવ રાખવામાં અને તેની ગરિમાનું રક્ષણ કરવામાં છુપાયેલો છે. સંસ્કાર અને સમર્પણના આ પવિત્ર ભાવને લોકહૃદય હંમેશાં આ રીતે બિરદાવે છે:

'ભૌતિક સુખોની દોડમાં ભલે માણસ આજે ગમે ત્યાં જાય,
પણ બહેનની આ રાખડી જોઈને ભાઈનું હૈયું ગદગદિત થઈ જાય.'

આજે એકવીસમી સદીમાં ભારત જ્યારે વૈશ્વિક ફલક પર પોતાની આર્થિક, તકનીકી અને સામાજિક શક્તિનો પરચો આપી રહ્યું છે, ત્યારે રક્ષાબંધન જેવા કૌટુંબિક ઉત્સવો આપણી સાંસ્કૃતિક ધરોહરને અકબંધ રાખે છે. શિક્ષણ અને સંસ્કારનો સમન્વય જ આવનારી પેઢીઓને સાચા અર્થમાં સક્ષમ અને પારિવારિક મૂલ્યો પ્રત્યે જાગૃત બનાવશે. પૃથ્વીના સીમાડા ઓળંગીને વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહેલા આપણા દેશમાં, સંબંધોની આ પવિત્રતા અને ભાઈ-બહેનનો આ અમર પ્રેમ સદીઓ સુધી માનવતાની સુવાસ ફેલાવતો રહેશે તે સુનિશ્ચિત છે.

**- રૂપેશ સોલંકી**

## હોર્મુઝમાં ફસાયેલા જહાજો સુપર સ્પ્રેડર બનવાનું જોખમ!

હોર્મુઝની ખાડી લાંબા સમય સુધી બંધ રહેવાની અસર માત્ર ક્રૂડ, ગેસ અને વૈશ્વિક વેપાર પૂરતી મર્યાદિત નથી. ફારસની ખાડીમાં લાંબા સમયથી અટવાયેલા જહાજો હવે એક એવા જોખમને દુનિયાના વિવિધ દેશો સુધી વિસ્તારી શકે છે, જેની અસર હજારો કિલોમીટર દૂર સુધી પહોંચવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સંશોધકોએ ચેતવણી આપી છે કે પર્શિયન ગલ્ફમાં લાંબા સમયથી ઊભેલા ૧,૫૦૦થી વધુ કોમર્શિયલ જહાજો હવે એક અલગ પ્રકારનો ખતરો ઊભો કરી રહ્યા છે. તેઓ હવે બિમારીના બોમ્બ બનીને દુનિયાભરમાં ભય ફેલાવી શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે, જ્યારે જહાજો લાંબા સમય સુધી સમુદ્રમાં એક જ જગ્યાએ ઊભા રહે છે, ત્યારે તેમના નીચેના ભાગ પર દરિયાઈ જીવો, શેવાળ, પરોપજીવીઓ અને અન્ય સૂક્ષ્મજીવો ચોંટવા લાગે છે.



પાક્કો ગુજરાત

સોમવાર | 24 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### બોર્ડર બંધ, છતાં પ્રેમના સંબંધો ન અટક્યા

# વાઘા બોર્ડર બંધ છતાં 150 પાકિસ્તાની દુલ્હનો ભારત આવી



**ગાંધીનગર**

ભારત-પાકિસ્તાન તણાવે 150 પાકિસ્તાની દુલ્હનોના લગ્ન અદ્ધરતાલ કર્યા હતા. વાઘા બોર્ડર બંધ થતાં, ગૃહ મંત્રાલયની છૂટથી તેઓ મસ્કટ-દુબઈ થઈ ફ્લાઈટ દ્વારા ભારત પહોંચી. નાગપુર, જોધપુર, અમદાવાદ જેવા શહેરોમાં 450 સગાંઓ સાથે સાદગીપૂર્ણ લગ્ન કર્યા. સિંધથી આવેલી આરતીના લગ્ન નાગપુરમાં થયા, જ્યારે વરરાજા રાભેલ જસવાણી પણ શ્રેયા સાથે લગ્ન કરી ભારતમાં સ્થાયી થયા.

ઓપરેશન સિંદૂર અને ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવ બાદ સરહદો બંધ થઈ જતાં અનેક યુગલોના લગ્ન અદ્ધરતાલ થઈ ગયા હતા. વાઘા-અટારી બોર્ડર બંધ થઈ જવાને કારણે આમને-સામને અવરજવર મુશ્કેલ બની ગઈ હતી, પરંતુ ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી ખાસ છૂટછાટના કારણે આશરે 150 જેટલી પાકિસ્તાની દુલ્હનો મસ્કટ, કોલંબો, ઢાકા, દુબઈ અને કતાર થઈને કનેક્ટિંગ ફ્લાઈટ્સ દ્વારા ભારત પહોંચી હતી. આ યુવતીઓ પોતાના પરિવારો સાથે નાગપુર, જોધપુર, અમદાવાદ, રાયપુર, પુણે અને ભોપાલ જેવા શહેરોમાં આવીને લગ્નના પવિત્ર બંધનમાં બંધાઈ હતી.

ભારતના વીઝા ધરાવતા પાકિસ્તાની નાગરિકો સામાન્ય રીતે વાઘા બોર્ડરથી સીધા આવી શકે છે, પરંતુ જમીની સરહદ બંધ હોવાથી તેમને હજારો કિલોમીટરનો ફરતો હવાઈ પ્રવાસ કરવો પડ્યો હતો. એપ્રિલથી જૂન વચ્ચે દુલ્હનો સાથે તેમના આશરે 450 સગાં-સંબંધીઓ પણ ભારત આવ્યા હતા. નિયમો મુજબ સગાંઓએ નક્કી કરેલી સમયમર્યાદામાં પરત ફરવું જરૂરી હોવાથી આ તમામ લગ્ન ખૂબ જ સાદગીથી યોજાયા હતા.

ભારતમાં લાંબા સમયના વીઝા પર રહેતા ઈનકેશ જશનાનીની સગાઈ અગાઉ જ થઈ ચૂકી હતી. તેમની મંગેતર આરતી મે 2025 માં સિંધના ખાનપુરથી વાઘા બોર્ડરથી માત્ર 1 કિમી દૂર પહોંચી ગઈ હતી, પરંતુ બોર્ડર બંધ થઈ જતાં તેને અટકી જવું પડ્યું હતું. આશરે 1 વર્ષથી વધુ સમયની રાહ જોયા બાદ આરતી મસ્કટ થઈને નાગપુર પહોંચી હતી અને માર્ચમાં તેના લગ્ન સંપન્ન થયા હતા. વીઝાની પાબંદીઓને કારણે માત્ર તેનો ભાઈ જ સાથે આવી શક્યો હતો, જ્યારે માતા-પિતા પાકિસ્તાનમાં જ રહી ગયા હતા.

આ મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે માત્ર દુલ્હનો જ નહીં પરંતુ વરરાજા પણ ભારત આવ્યા છે. સિંધના ઘોટકીથી રાભેલ જસવાણી પોતાના માતા-પિતા સાથે નાગપુરમાં શ્રેયા સાથે લગ્ન કરવા માટે ભારત આવ્યા હતા. લગ્ન બાદ તેઓ હાલ ભારતમાં જ સ્થાયી થયા છે. રાભેલ જણાવે છે કે તેઓ ભારતમાં જ વસવાટ કરવા માંગે છે અને ભવિષ્યમાં સરહદો ખુલતાં પોતાના પરિવારના અન્ય સભ્યોને પણ અહીં લાવવા ઈચ્છે છે.

### ભાવમાં 15 થી 20% નો વધારો થતાં ઘરાકી ઠંડી વેપારીઓ ચિંતાતુર

## ડભોઇ શહેર એન તાલુકાના રક્ષાબંધનના તહેવાર ટાણે જ રાખડી બજારમાં મંદીનો માહોલ



**ડભોઇ**

ડભોઇ પવિત્ર રક્ષાબંધનના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ડભોઇ શહેર સહિત સમગ્ર તાલુકાના બજારોમાં તહેવાર જેવો ઉત્સાહ હજુ સુધી જોવા મળી રહ્યો નથી સામાન્ય રીતે રક્ષાબંધન પૂર્વે રાખડી બજારો ખરીદદારોથી ધમધમતા હોય છેપરંતુ આ વર્ષે બજારમાં ભારે મંદીનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે દિવસો વિતવા છતાં ઘરાકી ન નીકળતા વેપારીઓમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે મોંઘવારીનો માર રાખડીના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો સ્થાનિક અગ્રણી વેપારીઓ ગુડુભાઈ મણિયાર અને સીદીકભાઈ મણિયારે જણાવ્યું હતું કે, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે રાખડીઓના ભાવમાં સીધો ૧૫ થી ૨૦ ટકાનો વધારો નોંધાયો છે કાચા માલના વધેલા ભાવ અને પરિવહન ખર્ચના કારણે રાખડીઓ મોંઘી બની છે હાલ મોંઘવારીના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગનું બજેટ ખોરવાઈ ગયું છે જેની સીધી અસર ખરીદી પર પડી રહી છે. રક્ષાબંધન નજીક હોવા છતાં બજારમાં ગ્રાહકોની પાંખી હાજરીને કારણે રાખડીનો મોટો સ્ટોક કરીને બેઠેલા વેપારીઓ મૂંઝવણમાં મુકાયા છે.

### CM અને Dy.CMને લઈ સનસની ફેલાવનાર સામે ગુનો નોંધાયો

## Xમાં પોસ્ટ કરી લખ્યું હતું- 'હર્ષ સંઘવી CM અને ભુપેન્દ્ર પટેલ રાજ્યપાલ બનશે'

**ગાંધીનગર**

'રાજ્યના ડેપ્યુટી મુખ્યમંત્રી હર્ષ સંઘવીને મુખ્યમંત્રી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રાજ્યપાલ બનાવવામાં આવશે' એવી સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરનાર એકાઉન્ટ ધારક વિરુદ્ધ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધ્યો છે.




પવન ત્યાગી નામના સોશિયલ મીડિયા એકાઉન્ટ ઉપર મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની પ્રતિષ્ઠા અને બંધારણીય હોદ્દાને હાનિ પહોંચે એવી ખોટી પોસ્ટ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ સોશિયલ મીડિયા પર સતત નજર રાખી રહી છે. તે દરમિયાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પવન ત્યાગી નામના એકાઉન્ટ પર એક પોસ્ટ જોવા મળી હતી. જેમાં લખ્યું હતું કે, 'મોટા બ્રેકિંગ ન્યૂઝ, ગુજરાતના ડેપ્યુટી CM હર્ષ સંઘવીને ગુજરાતના મુખ્યમંત્રી બનાવવામાં આવશે. CM ભૂપેન્દ્રભાઈ પટેલને રાજ્યપાલ બનાવવામાં આવશે.' પવન ત્યાગીએ આવી ખોટી બનાવટી પોસ્ટ વાયરલ કરી રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની પ્રતિષ્ઠા તેમજ બંધારણીય હોદ્દાને હાનિ પહોંચે તે પ્રમાણે સોશિયલ મીડિયામાં સમાચાર સ્વરૂપે મૂકી હતી. સોશિયલ મીડિયામાં ખોટી પોસ્ટ કરવાથી ગુજરાતની પ્રજામાં અને ભાજપમાં ભય અને ગભરાહટ થાય તે પ્રમાણેનું તેમ જ અવિશ્વાસનું વાતાવરણ સરકાર પ્રત્યે ઉભું થઈ શકે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પવન ત્યાગી સામે BNSની સંબંધિત કલમો તેમજ IT એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોસ્ટ કયા સંદર્ભમાં કરવામાં આવી હતી, તેના આધારો શું હતા અને પોસ્ટના કારણે કોઈ ગેરસમજ કે અફવા ફેલાઈ હતી કે કેમ તે સહિતના મુદ્દે તપાસ થશે.

## અંબાજી પોલીસ સ્ટેશનમાં લાંબી ફરજ બાદ પણ જયેશ જોષીની બદલી કેમ નહીં?

**અંબાજી**

અંબાજી પોલીસ સ્ટેશનમાં વર્ષોથી ફરજ બજાવતા પોલીસ કર્મચારી જયેશ જોષીની બદલીને લઈને હવે અનેક સવાલો ઊભા થયા છે. પોલીસ વિભાગમાં લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા કર્મચારીઓની બદલી કરવામાં આવતી હોવા છતાં જયેશ જોષીની બદલી કેમ થતી નથી?અંબાજીમાં વર્ષોથી ફરજ બજાવી રહ્યાં હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સ્થાનિક ચર્ચા મુજબ, જયેશ જોષીની અંબાજીમાંથી અન્ય તાલુકામાં બદલી કરવામાં આવી હતી. જોકે, આશ્ચર્યજનક રીતે માત્ર એક જ મહિનામાં તે હાજર ન થાય તેમ છતાં તેમની ફરી અંબાજી ખાતે બદલી કરવામાં આવી હોવાની ચર્ચા છે. જો આવો બદલીઓનો આદેશ થયો હોય તો ફરીથી બદલી થાય તેની પાછળનું વહીવટી કારણ શું હતું, પોલીસ કર્મચારીઓની પાંચ વર્ષની મુદત પૂર્ણ થાય તે પહેલાં પણ બદલી થતી હોવાની સ્થિતિમાં જયેશ જોષી માટે અલગ માપદંડ કેમ અપનાવવામાં આવ્યો તેવો સવાલ પણ ઉઠી રહ્યો છે. અંબાજી જેવા મહત્વના અને સંવેદનશીલ પોલીસ મથકમાં કોઈ કર્મચારીને લાંબા સમય સુધી એક જ સ્થળે રાખવા પાછળનું કારણ શું છે? અગાઉ થયેલી બદલી રદ કરીને તેમને ફરી અંબાજીમાં મૂકવાનો નિર્ણય કયા અધિકારીના આદેશથી અને કયા વહીવટી કારણોસર લેવામાં આવ્યો? આ બાબતે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા જયેશ જોષીની બદલી અંગે તપાસ કરીને તેઓની બદલી કયા કારણોસર નથી થતી અને થાય તો કયા કારણોસર સર અંબાજીથી અન્ય તાલુકામાં કરવામાં આવી હતી અને એકજ મહિનામાં હાજર ન થયા તેના પહેલા જ અંબાજી પોલીસ સ્ટેશનમાં બદલી કોઈ રાજકીય પક્ષના આશિર્વાદ કે પછી કોઈ ઉચ્ચ અધિકારીઓની મહેરબાની?

## ઓરસંગ બ્રિજ પાસે રેતી ખનન અંગે મામલતદારની તપાસ, રેતી માફિયાઓમાં ફફડાટ

**છોટાઉદેપુર**

જેતપુરપાવી નજીક ઓરસંગ બ્રિજ પાસે ચાલુ પાણીના વહેણમાંથી રેતી ઉલેચાતી હોવાની ફરિયાદ બાદ મામલતદાર દ્વારા સ્થળ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસના પગલે રેતી ખનન સાથે સંકળાયેલા લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. છોટાઉદેપુર જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમિયાન રેતીની લીઝો ચાલુ રાખવા અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોઈ સ્પષ્ટ પરિપત્ર કરવામાં આવ્યો છે કે કેમ તે મુદ્દે પણ સવાલો ઉઠી રહ્યા છે. બીજી તરફ, આ પરિસ્થિતિનો લાભ લઈ કેટલાક લીઝધારકો દ્વારા બેફામ રેતી ખનન કરવામાં આવતું હોવાની ફરિયાદો સ્થાનિક સ્તરે સામે આવી રહી છે. જેતપુરપાવી નજીક ઓરસંગ બ્રિજ પાસે ચાલુ પાણીના વહેણમાંથી રેતી ઉલેચવામાં આવતી હોવાની જાણ જાગૃત નાગરિક દ્વારા તંત્રને કરવામાં આવી હતી. ફરિયાદના પગલે મામલતદાર દ્વારા સ્થળ પર તપાસ હાથ



ધરવામાં આવી હતી. ઘટનાનું કવરેજ કરવા પહોંચેલા સ્થાનિક પત્રકારો સાથે લીઝના વહીવટકર્તા દ્વારા બોલાચાલી કરવામાં આવી હતી પત્રકારોને ધમકાવવામાં આવ્યા હતા. છોટાઉદેપુર જિલ્લામાં અગાઉ પણ રેતી ખનનને લઈને અનેક ફરિયાદો અને કાર્યવાહી સામે આવી ચૂકી છે. મે 2026માં ઓરસંગ નદીમાં ગેરકાયદે રેતી ખનન સામે જિલ્લા તંત્રની મોટી કાર્યવાહી અને કરોડો રૂપિયાના દંડની કાર્યવાહી થયાના અહેવાલો પણ સામે આવ્યા હતા. દરમિયાન, રેતી ખનનના કારણે પુલો અને નદીના પટ પર થતી અસરો અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સરકારી દસ્તાવેજમાં ઓરસંગ બ્રિજ નજીક સતત રેતી ખનનને કારણે નદીના પટમાં આશરે 8 મીટર સુધી ઊંડાણ થયાનો ઉલ્લેખ પણ જોવા મળે છે. (NeVA CMS) સ્થાનિકોના જણાવ્યા મુજબ, જિલ્લામાં રેતી ખનનના કારણે અગાઉ સિહોદ ખાતે ભારજ નદી પરનો બ્રિજ તૂટ્યો હતો અને હજુ તેની કામગીરી પૂર્ણ થઈ નથી. ત્યારે હવે ઓરસંગ બ્રિજ પાસે ચાલુ પાણીના વહેણમાં રેતી ખનન કેટલું યોગ્ય છે? તેવો સવાલ સ્થાનિકો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે. સ્થાનિકોની માંગ છે કે ચોમાસા દરમિયાન નદીના વહેણમાં થતી રેતી ઉલેચવાની કામગીરી અંગે તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે અને નિયમોનો ભંગ થતો હોય તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

## ડભોઇમાં તંત્રની ઘોર બેદરકારી: નાંદોદી ભાગોળ પાસે નર્મદા કેનાલમાં ગાય ખાબકી, યુવાનોએ 1 કલાકની ભારે જહેમત બાદ ઉગારી

**ડભોઇ**

ડભોઈ શહેરની નાંદોદી ભાગોળ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ હવે પશુઓ અને વાહનચાલકો માટે મોતનો કૂવો સાબિત થઈ રહી છે. આજે ફરી એકવાર એક ગાય અચાનક કેનાલના ઊંડા અને ધસમસતા પાણીમાં ખાબકતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સ્થાનિક યુવાનોની સમયસૂચકતા અને માનવતાના કારણે એક મોટો અનર્થ ટળ્યો છે.

ગાય કેનાલમાં પડી હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ આસપાસના સ્થાનિક યુવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગાય ઊંડા પાણીમાં ગરકાવ થઈ રહી હોવાથી યુવાનોએ જરાય વાર કર્યા વિના દોરડાં અને અન્ય



સ્થાનિક સાધનોની મદદથી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. આશરે એક કલાક સુધી ચાલેલી ભારે મથામણ અને જીવના જોખમે કરાયેલી જહેમત બાદ ગાયને સહીસલામત બહાર કાઢી નવજીવન આપવામાં આવ્યું હતું. યુવાનોના આ સાહસિક કાર્યની સમગ્ર વિસ્તારમાં પ્રશંસા થઈ રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, કેનાલમાં પશુઓ કે વાહનો ખાબકવાની ઘટનાઓ હવે નિત્યક્રમ બની ગઈ છે.

### ખાડામાં ગયો વિકાસ!

## છોટાઉદેપુર-દેવગઢ બારીયા માર્ગ પર વાહનચાલકોના જીવ જોખમમાં

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુરથી દેવગઢ બારીયા તરફ જતા મુખ્ય માર્ગ પર ઠેરઠેર પડેલા ખાડાઓએ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. છોટાઉદેપુરથી ઝોઝ વચ્ચેના સ્ટેટ હાઈવે પર માર્ગની હાલત એવી બની છે કે વાહનચાલકો માટે મુસાફરી જાણે જોખમનો ખેલ બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે.



માર્ગ પર પડેલા મસમોટા ખાડાઓના કારણે વાહનચાલકોને સતત અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. ખાડા ટાળવા માટે વાહનચાલકો અચાનક માર્ગની દિશા બદલતા હોવાથી સામેથી આવતા વાહનો સાથે અકસ્માત સર્જાવાની શક્યતા પણ વધી રહી છે.

રસ્તાની આવી દયનીય સ્થિતિ હોવા છતાં તંત્રની નજર કેમ નથી પડતી? વાહનચાલકોમાં આ સવાલ ઉઠી રહ્યો છે. વર્ષોથી લોકોના ઉપયોગમાં રહેલા મુખ્ય માર્ગની યોગ્ય જાળવણી કરવામાં આવે છે કે નહીં તે અંગે પણ હવે ચર્ચા શરૂ થઈ છે. આ ગંભીર સમસ્યા અંગે પત્રકાર દ્વારા સંબંધિત તંત્ર સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી. તંત્ર તરફથી 23 ઓગસ્ટ, 2026ના રોજ ફરિયાદ પ્રાપ્ત થઈ હોવાનું જણાવી સમસ્યાનું નિરાકરણ થયા બાદ જાણ કરવામાં આવશે તેવો જવાબ આપવામાં આવ્યો છે.

પરંતુ માત્ર ફરિયાદ સ્વીકારીને સમસ્યાનું નિરાકરણ થવાનું નથી. માર્ગ પર પડેલા ખાડા ક્યારે પુરાશે? મરામતની કામગીરી ક્યારે શરૂ થશે? અને અકસ્માત સર્જાય તે પહેલાં તંત્ર ક્યારે જાગશે? તેવા સવાલો હવે વાહનચાલકો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યા છે. વાહનચાલકોની સ્પષ્ટ માંગ છે કે કાગળ પરની કાર્યવાહી નહીં, પરંતુ સ્થળ પર તાત્કાલિક કામગીરી કરી ખાડા પુરવામાં આવે અને માર્ગને સુરક્ષિત બનાવવામાં આવે.

## નાની ઝરી ગામે જુગાર રમતા 8 ઝડપાયા: દાહોદ LCBની કાર્યવાહી



**દેવગઢ બારીઆ, રિપોર્ટર જાબીર શુક્લા**

દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે પીપલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાની ઝરી ગામે જુગારધામ પર દરોડો પાડી જુગાર રમતા 8 ઈસમોને ઝડપી પાડ્યા.

દાહોદ જિલ્લામાં જુગાર અને અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે પોલીસ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી હતી. આ દરમિયાન LCBની ટીમને નાની ઝરી ગામે કેટલાક ઈસમો દ્વારા જુગાર રમાડવામાં આવતો હોવાની બાતમી મળી હતી.

બાતમીના આધારે પોલીસે નાની ઝરી ગામે દરોડો પાડ્યો હતો. જ્યાં આઠ ઈસમો ગંજીપત્તા વડે હારજીતનો જુગાર રમતા ઝડપાયા પોલીસે સ્થળ પરથી રોકડ રકમ સહિત મોબાઈલ ફોન, મોટરસાયકલ અને અન્ય મુદ્દામાલ મળી કુલ 8 લાખ 65 હજાર 870 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો.

### છોટા ઉદેપુરની શિફા હુસેનશબ્બીર મફતની આકાશને આંબતી સફર

## મહેનત, હિંમત અને સપનાની ઉડાનથી પાઈલટ બનવાનું સપનું સાકાર કર્યું

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટા ઉદેપુરની ધરતી પર અનેક પ્રતિભાઓએ પોતાની મહેનત અને કૌશલ્યથી નવી ઓળખ ઉભી કરી છે. આવી જ એક પ્રેરણાદાયી કહાની છે શિફા હુસેનશબ્બીર મફતની, જેમણે શિક્ષણ, સંઘર્ષ અને સતત મહેનતના બળે પાઈલટ બનવાનું પોતાનું સપનું સાકાર કર્યું છે.

શિફાએ પોતાના શાળાકીય શિક્ષણની શરૂઆત છોટા ઉદેપુરથી કરી હતી. ત્યારબાદ તેઓ ઉચ્ચ શિક્ષણ માટે UAE ગયા, જ્યાં તેમણે હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહ સાથે 10+2નું શિક્ષણ પૂર્ણ કર્યું.

નાનપણથી જ આકાશમાં ઉડાન ભરવાનું સપનું ધરાવતી શિફાએ પોતાના લક્ષ્યને સાકાર કરવા માટે એવિએશન ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનો નિર્ણય લીધો અને આગળના અભ્યાસ તથા પાઈલટ તાલીમ માટે ગ્રીસનો રસ્તો પસંદ



કર્યો. ગ્રીસમાં તેમણે ATPL(A) મેળવવા માટે જરૂરી તાલીમ લીધી. ખાસ વાત એ છે કે પાઈલટની તાલીમ સાથે તેમણે પોતાનો સ્નાતકનો ઓનલાઈન અભ્યાસ પણ સતત ચાલુ રાખ્યો. એકસાથે બે જવાબદારીઓ નિભાવવી સરળ નહોતી, પરંતુ શિફાની મહેનત, શિસ્ત અને અડગ મનોબળે તેમને સતત આગળ વધાર્યા. આજે શિફા 227 કલાકથી વધુનો ફ્લાઈટ અનુભવ મેળવી ચૂકી છે અને 5થી વધુ પ્રકારના એરક્રાફ્ટ પર અનુભવ પ્રાપ્ત કરી ચૂકી છે. તેમની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ છોટા ઉદેપુરના યુવાનો માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ છે. છોટા ઉદેપુરથી શરૂ થયેલી સફર UAE સુધી પહોંચી, UAEથી ગ્રીસ સુધી ગઈ અને અંતે આકાશમાં પોતાની ઓળખ બનાવી. શિફાની કહાની એ સાબિત કરે છે કે સપના જોવાની સાથે તેને સાકાર કરવાની હિંમત અને સતત મહેનત હોય તો કોઈપણ અંતર કે પરિસ્થિતિ સફળતાના માર્ગમાં કાયમી અવરોધ બની શકતી નથી.

“સપના મોટા હોય તો અંતર ક્યારેય અવરોધ બનતું નથી; મહેનત અને હિંમત હોય તો આકાશ પણ મર્યાદા નથી.”



### ભણસાલીની એક નવી ફિલ્મમાં બન્નેનું નામ ફાઈનલ થયું હોવાની ચર્ચા

# કરીના-ધનુષની જોડી પહેલીવાર સાથે? બિગ બજેટની ફિલ્મમાં સ્ક્રિપ્ટ પર કામ ચાલુ

મુંબઈ

ધનુષ અને કરીના કપૂર બન્ને એક ફિલ્મમાં જોવા મળે તો નવાઈ નહીં. બન્ને કલાકારો પહેલીવાર સ્ક્રિન શૅર કરવા માટે જઈ રહ્યા છે. મૂળ વાત એવી છે કે, સંજય લીલા ભણસાલીની એક નવી ફિલ્મમાં બન્નેનું નામ ફાઈનલ થયું હોવાનું સૂત્રો કહે છે. આ ફિલ્મને તેઓ પ્રોડ્યુસ કરી રહ્યા છે જ્યારે ડાયરેક્શન એસ. મિથરન કરી રહ્યા છે. આ ફિલ્મને લઈને વાતચીત હજું ચાલુ છે.ફિલ્મ મેકર મિથરને પોતાની એક ફિલ્મના પ્રમોશન દરમિયાન આ અંગેના પ્રોજેક્ટ અંગે હિન્ટ આપી દીધી હતી. મેકર્સે કહ્યું કે, ધનુષ અને કરીનાને લઈ ફિલ્મ બનાવવા માટે વાત થઈ ચૂકી છે. આ ફિલ્મ પર હાલમાં પ્રાથમિક તબક્કે કામ ચાલી રહ્યું છે.બન્ને સાથે ડેટ્સને લઈને કામ ચાલી રહ્યું છે. મેકર્સે કહ્યું કે, ફિલ્મની તારિખ હજુ ફિક્સ થઈ નથી. આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, આ પ્રોજેક્ટને લઈને કોઈ ગૂડ ન્યૂઝ આવી શકે છે. અત્યાર સુધીમાં ધનુષ અને કરીના કપૂરે એકપણ ફિલ્મમાં સાથે કામ કર્યું નથી. એટલું જ નહીં બન્ને કલાકારોએ સંજય લીલા ભણસાલી સાથે પણ ક્યારેય કામ કર્યું નથી.ફેન્સ માટે આ એક નવી અને ફ્રેશ જોડી બની રહેશે. ફિલ્મની થીમ અને વાર્તા અંગે હજુ સુધી કોઈ વાત નક્કી થઈ નથી માત્ર આ જોડીને લઈને કોઈ મોટો પ્રોજેક્ટ હોવાની વાત ચર્ચામાં છે. જો બધુ સરખું રહ્યું તો બે મોટા સ્ટાર એક જ સ્કિન પર જોવા મળશે. તારીખ નક્કી થાય એની રાહ અમે જોઈ રહ્યા છીએ. અમને તો આશા છે કે, આનું પરિણામ ઘણું સારુ આવશે. એવું મેકર્સ કહે છે. નામ અંગે રહસ્ય વાત એવી પણ છે કે, આ એક બિગબજેટની ફિલ્મ હોઈ શકે છે.ફિલ્મની સ્ક્રિપ્ટ પર હાલમાં કામ ચાલી રહ્યું છે. સ્ક્રિપ્ટ ફાઈનલ થાય એ પહેલા એમાં કેટલાક ફેરફાર કરવામાં આવી શકે છે. આ જ વર્ષમાં ફિલ્મ પ્રોડક્શનનું કામ શરૂ થઈ જશે. ફિલ્મના લોકેશન અંગે હજુ સુધી કંઈ નક્કી નથી.હવે આ પ્રોજેક્ટમાં બધુ વ્યવસ્થિત અને ટાઈમસર રહે છે તો કરીના અને ધનુષને એકસાથે સ્કિન પર લાવતી આ પહેલી ફિલ્મ હશે. જોકે બન્ને સ્ટાર તરફથી હજુ સુધી કોઈ ફિક્સ વાત સામે આવી નથી. આ પ્રોજેક્ટને લઈને બેમાંથી કોઈ સ્ટારે ફિલ્મ અંગે સત્તાવાર વાત કહી પણ નથી. ધનુષ આગામી દિવસોમાં સાઉથની કોઈ નવી ફિલ્મમાં જોવા મળી શકે છે જ્યારે કરીના પાસે પણ બીજા કેટલાક બોલિવૂડ પ્રોજેક્ટ હોવાનું જાણવા મળ્યું છે.

**ધનુષ આગામી દિવસોમાં સાઉથની કોઈ નવી ફિલ્મમાં જોવા મળી શકે છે છેલ્લા ઘણા સમયથી તે દેખાયો નથી**

# જાહ્નવી કપૂરને દિલ્હી હાઈકોર્ટમાંથી મોટી રાહત

## 552 અશ્લીલ અને વાંધાજનક URL હટાવવાનો આદેશ; કોર્ટે કહ્યું- 'દરેક ફેન પેજને ગેરકાયદેસર ન ગણી શકાય'



નવી દિલ્હી


જાહ્નવી કપૂર સંબંધિત અશ્લીલ અને વાંધાજનક ઓનલાઈન કન્ટેન્ટના મામલે દિલ્હી હાઈકોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે 552 URLમાંથી આવું કન્ટેન્ટ હટાવવાનો આદેશ આપ્યો છે, જેમાં એક્ટ્રેસની ઓળખ અને તસવીરોનો કથિત રીતે અશ્લીલ ઉપયોગ કરવામાં આવ્યો હતો. જોકે, કોર્ટે લગભગ 6,884 URLને એકસાથે હટાવવાની માંગ સ્વીકારી ન હતી. જસ્ટિસ અનૂપ જયરામ ભંભાણીએ કહ્યું કે, અલગ-અલગ પ્રકારના કન્ટેન્ટ પર એકસરખો આદેશ આપી શકાય નહીં. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, માત્ર કોઈ સેલિબ્રિટીના નામ કે તસવીરવાળા દરેક ફેન પેજને ગેરકાયદેસર માની શકાય નહીં. ટાઈમ્સ નાઉ નવભારતના રિપોર્ટ અનુસાર, જાહ્નવી કપૂરે પોતાના પર્સનાલિટી રાઈટ્સ સંબંધિત મામલામાં ઈન્ટરનેટ પર ઉપલબ્ધ લગભગ 6,884 URL સામે કાર્યવાહીની માંગ કરી હતી. આમાં કથિત અશ્લીલ કન્ટેન્ટ ઉપરાંત તસવીરો અને ઓળખના ખોટા ઉપયોગ સંબંધિત મામલાઓ પણ સામેલ હતા. દિલ્હી હાઈકોર્ટે શરૂઆતમાં 552 URL પર ઉપલબ્ધ સામગ્રીને અત્યંત અશ્લીલ અથવા પોર્નોગ્રાફિક માની અને તેને હટાવવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે માન્યું કે આ કન્ટેન્ટ ઓનલાઈન રહેવાથી એક્ટ્રેસને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થઈ શકે છે. લાઈવ લો અનુસાર, કોર્ટે આ 552 URLના સંબંધમાં જાહ્નવીનો પ્રથમ દ્રષ્ટિએ કેસ મજબૂત જણાયો અને વચગાળાની રાહતને યોગ્ય ગણી. 6,884 URL પર એકસાથે આદેશ આપવાનો ઈનકાર કોર્ટે જાહ્નવી કપૂરની તમામ 6,884 URLને એકસાથે હટાવવાની માંગ સ્વીકારી નહીં. અદાલતે કહ્યું કે આટલી મોટી સંખ્યામાં URL અલગ-અલગ પ્રકારના કન્ટેન્ટ સાથે સંકળાયેલા છે.

# બાબા નિરાલા ફરી પરત ફરશે! 'આશ્રમ-4'ના શૂટિંગની પહેલી ઝલકથી ચાહકોમાં ઉત્સાહ

## પ્રકાશ ઝાના પ્રોડક્શન હાઉસનો એક ફોટો ઈન્સ્ટાગ્રામ પર શૅર કરવામાં આવ્યો છે

મુંબઈ

ત્રણ સીઝનના 33 એપિસોડ સાથે OTT પ્લેટફોર્મ પર સૌથી વધારે ચર્ચામાં રહેલી વેબસિરીઝ 'આશ્રમ' ફરી એકવાર નવા અંદાજમાં આવી રહી છે. 'એક બદનામ...આશ્રમ' સાથે ચોથી સીઝન આવી રહી છે. પ્રકાશ ઝાના ડાયરેક્શનમાં તૈયાર થયેલી વેબસિરીઝની હવે પછીની સ્ટોરી માટેની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ચોથી સીઝનના સેટ પરથી ફર્સ્ટલૂક શૅર કરવામાં આવી રહ્યો છે. આ સ્ટોરીમાં પણ દર્શકો માટે સરપ્રાઈઝ હશે. પ્રકાશ ઝાના પ્રોડક્શન હાઉસનો એક ફોટો ઈન્સ્ટાગ્રામ પર શૅર કરવામાં આવ્યો છે. જેમાં પૂજા કરવામાં આવી રહી છે. વેબસિરિઝનું શુટિંગ શરૂ થઈ ગયું છે. ફોટોમાં ક્લેપ બોર્ડની ઝલક જોવા મળી રહી છે. આ સાથે કેપ્શનમાં એવું પણ લખવામાં આવ્યું છે કે, એક આરંભ. આશ્રમના એક નવા અધ્યાયમાં સૌનું સ્વાગત છે. જપનામ. આશ્રમની 4થી સીઝનમાં શું નવું હશે એની ચર્ચા શરૂ થઈ ગઈ છે. ચોથી સીઝનમાં બાબા નિરાલાના રૂપમાં બોબી દેઓલ, અદિતિ પોહનકર, ચંદન રોય સન્યાલ, ત્રિધા ચૌધરી લીડ રોલમાં છે. સિરિઝના શુટિંગ લોકેશન બદલવામાં આવ્યા છે. આ વેબસિરિઝ ક્યારે રિલીઝ થશે એ અંગે ખાસ કોઈ તારિખ હાલમાં તો નક્કી કરવામાં આવી નથી. શું હશે ત્રીજી સિઝમાં? 'આશ્રમ' સીઝન-3 બાબા નિરાલાની ધરપકડ સાથે સમાપ્ત થાય છે. પમ્મી (આદિતિ પોહણકર) ની યોજના મુજબ, બાબા નિરાલા જેલમાં જાય છે. જ્યારે ભોપા (ચંદન રોય સાન્યાલ) તેના સામ્રાજ્ય પર નિયંત્રણ મેળવે છે. આ વાર્તા આ બિંદુથી આગળ વધશે. જેલમાંથી મુક્ત થયા પછી, બાબા નિરાલા ભોપા અને પમ્મી સામે બદલો લેશે. જ્યારે પમ્મી તેના કાળા કાર્યોને દુનિયા સમક્ષ ઉજાગર કરીને તેના સામ્રાજ્યને તોડી પાડવા માટે આગળ વધશે.વર્ષ 2020માં આવેલી આ સિરિઝ એ સમયે પણ સૌથી વધારે ચર્ચામાં રહી હતી. એ પછી તેના બીજા ભાગ આવતા વાર્તામાં એક લિંક જળવાઈ રહી હતી. હવે ત્રીજા ભાગમાં અંતિમ નિર્ણય થાય એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જોકે, અગાઉની સિઝન કરતા આ સિઝન સૌથી વધારે રસપ્રદ અને એક્શનથી ભરપૂર હશે.








# ગોવિંદા-સુનીતાના સંબંધો પર ભાણેજ આરતી સિંહે તોડ્યું મૌન

## પરિવારના અંગત મામલા પર જાહેરમાં અભિપ્રાય આપવા માંગતી નથી, તેણે સ્પષ્ટ કહ્યું કે, તે આ મામલે વચ્ચે નહીં પડે, કારણ કે તે પરિવારનો હિસ્સો છે

મુંબઈ

ગોવિંદા અને સુનીતા આહુજાના સંબંધોને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે તેમની ભાણેજ અને એક્ટ્રેસ આરતી સિંહે પ્રતિક્રિયા આપી છે. તાજેતરમાં એક કાર્યક્રમમાં પાપારાઝીએ તેને મામા ગોવિંદા અને મામી સુનીતાના સંબંધો વિશે સવાલ કર્યો. આરતીએ કહ્યું કે, તે પોતાનાથી મોટાના મામલામાં બોલતી નથી અને આ પરિવારનો અંગત મામલો છે. તેણે કહ્યું કે, જે અનુભવે છે, તે પરિવારના લોકો સાથે શેર કરશે, દુનિયાને જણાવવાની જરૂર નથી. આ દરમિયાન તેણે વિવાદથી ફૂટેજ લેવાનો પ્રયાસ કરનારાઓ પર પણ કટાક્ષ કર્યો. ગોવિંદા અને સુનીતા આહુજાના સંબંધોને લઈને છેલ્લા કેટલાક સમયથી સતત સમાચાર આવી રહ્યા છે. આ દરમિયાન આરતી સિંહને આ મામલે સવાલ કરવામાં આવ્યો, તો તેણે જાહેરમાં ટિપ્પણી કરવાનો ઈનકાર કરી દીધો. આરતીએ કહ્યું કે, તે પોતાનાથી મોટાઓની વચ્ચે બોલતી નથી. તેણે તેને ગોવિંદા અને સુનીતાનો મામલો ગણાવતા કહ્યું કે તે પરિવારના અંગત મામલા પર જાહેરમાં અભિપ્રાય આપવા માંગતી નથી. તેણે સ્પષ્ટ કહ્યું કે, તે આ મામલે વચ્ચે નહીં પડે, કારણ કે તે પરિવારનો હિસ્સો છે. આરતીએ જણાવ્યું કે, તે જે અનુભવી રહી છે, તેને પરિવારના લોકો સાથે શેર કરશે. તેણે કહ્યું કે, તે કૃષ્ણા અભિષેકને ફોન કરીને વાત કરશે. આ ઉપરાંત ટીના આહુજા, યશવર્ધન આહુજા, સુનીતા આહુજા અને પોતાની માતા સાથે પણ ભાવનાઓ શેર કરશે. આરતીનું કહેવું હતું કે, તેની જે પણ ફીલિંગ છે, તેને પરિવાર સુધી પહોંચાડવી જરૂરી છે, પરંતુ આખી દુનિયાને જણાવવાની જરૂર તે સમજતી નથી. એટલે કે તેણે આ મામલે સાર્વજનિક નિવેદન આપવાને બદલે પરિવારની અંદર વાતચીતને પ્રાથમિકતા આપી. 'જે લોકો ફૂટેજ લેવા માંગે છે, તેઓ સારાવાળા લઈ રહ્યા છે' આરતીએ તે લોકો પર પણ કટાક્ષ કર્યો, જે ગોવિંદા અને સુનીતાના વિવાદ પર સતત પ્રતિક્રિયાઓ લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. પાપારાઝી સાથે વાતચીતમાં તેણે કહ્યું, “મેં પહેલા પણ કહ્યું તેમ, હું મારાથી મોટાઓની વચ્ચે બોલતી નથી.

# સાઉથ સુપરસ્ટાર સૂર્યાની 'વિશ્વનાથ એન્ડ સન્સ' બોક્સ ઓફિસ પર સુપરહીટ, 9મા દિવસે કરી તગડી કમાણી

મુંબઈ

સાઉથ સિનેમાના સુપરસ્ટાર સૂર્યાની નવી ફિલ્મ 'વિશ્વનાથ એન્ડ સન્સ' (Viswanath & Sons) હાલ થિયેટરોમાં ધૂમ મચાવી રહી છે. રિલીઝના 9 દિવસ બાદ પણ પ્રેક્ષકોમાં આ ફિલ્મ માટે ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને બીજા વિકએન્ડમાં ફિલ્મની કમાણીમાં મોટો ઉછાળો નોંધાયો છે, જેનાથી મેકર્સ માલામાલ થઈ ગયા છે. થિયેટરોમાં ફિલ્મની સ્ટારકાસ્ટના અભિનય તેમજ સૂર્યાની પ્રશંસા થઈ રહી છે. બોક્સ ઓફિસ અહેવાલ મુજબ, સૂર્યાની આ ફિલ્મે 9મા દિવસે પણ મજબૂત પકડ જાળવી રાખીને રૂપિયા 7.25 કરોડનું શાનદાર નેટ કલેક્શન કર્યું છે. શનિવારે થિયેટરોમાં આશરે 41.3% ઓક્યુપેન્સી નોંધાઈ હતી અને દેશભરમાં લગભગ 3,007 થી વધુ શો ચલાવવામાં આવ્યા હતા. પ્રથમ અઠવાડિયામાં જબરદસ્ત પ્રતિસાદ મેળવ્યા બાદ હવે બીજા વિકએન્ડ પર પણ ફિલ્મે કમાણીનો આ સિલસિલો યથાવત રાખ્યો છે. ભારતમાં કુલ ગ્રોસ કલેક્શનમાં 100 કરોડનો આંકડો પાર કમાણીના આંકડાઓની વાત કરવામાં આવે તો, ભારતમાં આ ફિલ્મે માત્ર 9 દિવસમાં રૂપિયા 93.35 કરોડનું નેટ કલેક્શન કરી લીધું છે. જ્યારે ભારતનું કુલ ગ્રોસ કલેક્શન રૂપિયા 100 કરોડનો આંકડો વટાવીને રૂપિયા 107.97 કરોડ સુધી પહોંચી ગયું છે. બીજી તરફ, વૈશ્વિક સ્તરે પણ ફિલ્મનો જાદુ ચાલ્યો છે અને ફિલ્મે અત્યાર સુધીમાં કુલ રૂપિયા 160.22 કરોડની જંગી કમાણી કરી લીધી છે. સાઉથ સિનેમાના સુપરસ્ટાર સૂર્યાની નવી ફિલ્મ 'વિશ્વનાથ એન્ડ સન્સ' હાલ થિયેટરોમાં ધૂમ મચાવી રહી છે. થિયેટરોમાં ફિલ્મની સ્ટારકાસ્ટના અભિનય તેમજ સૂર્યાની પ્રશંસા થઈ રહી છે. બોક્સ ઓફિસ અહેવાલ મુજબ, સૂર્યાની આ ફિલ્મે 9મા દિવસે પણ મજબૂત પકડ જાળવી રાખીને રૂપિયા 7.25 કરોડનું શાનદાર નેટ કલેક્શન કર્યું છે.



## ભારતની શ્રીલંકા સામે કોલંબોના સિંહલી સ્પોર્ટ્સ ક્લબમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ

# દેવદત્ત પડિકલે સતત બીજી મેચમાં સેન્ચુરી ફટકારી

કોલંબો

શ્રીલંકા સામે કોલંબોના સિંહલી સ્પોર્ટ્સ ક્લબમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટમાં આજે મેચનો પહેલો દિવસ છે. જેમાં ત્રીજા સેશનમાં પહેલી ઈનિંગમાં ટીમ ઈન્ડિયાનો સ્કોર 291/4 છે. ટીમ તરફથી રવીન્દ્ર જાડેજા અને ધ્રુવ જુરેલ ક્રિઝ પર છે. દેવદત્ત પડિકલે સતત બીજી મેચમાં સદી ફટકારી છે. તે 117 રન બનાવીને આઉટ થયો. રિષભ પંત 3 રન બનાવીને રિટાયર્ડ હર્ટ થયો છે. લાહિરુ કુમારાનો શોર્ટ બોલ તેના ડાબા હાથની કાંડા પાસે વાગ્યો હતો. ત્યારબાદ ફિઝિયોએ મેદાન પર જ તેની તપાસ કરી, જેના પછી પંત મેદાનની બહાર જતો રહ્યો. તેની જગ્યાએ રવીન્દ્ર જાડેજા ક્રિઝ પર આવ્યો છે. આ પહેલાં કેપ્ટન શુભમન ગિલ 50 રન બનાવીને આઉટ થયો હતો. કેએલ રાહુલ 18 અને યશસ્વી જયસ્વાલ 45 રન બનાવીને પેવેલિયન પરત ફર્યા હતા. ભારતે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ગૉલમાં રમાયેલી પહેલી




ટેસ્ટમાં 165 રનથી જીત મેળવીને ભારતીય ટીમ સિરીઝમાં 1-0થી આગળ છે આ મેચમાં સ્પિન ઓલરાઉન્ડર સારાંશ જૈને ટેસ્ટ ડેબ્યૂ કર્યું છે. તેને કુલદીપ યાદવની જગ્યાએ પ્લેઈંગ-11માં સામેલ કર્યો છે. સેન્ચુરી પૂરી કર્યા પછી દેવદત્ત પડિકલે રન બનાવવાની ગતિ વધારી દીધી. તેણે સ્ટમ્પ્સની નજીકથી લેટ કટ રમીને ઝડપથી રન મેળવ્યા. આ પહેલા પડિકલે મોટા ભાગના સમયે બોલની મેરિટ મુજબ જ શોટ્સ રમ્યા હતા.

બીજો નવો બોલ આવવામાં હવે 4 ઓવરથી પણ ઓછો સમય બાકી છે, તેથી ભારતીય બેટર્સે ઝડપથી રન બનાવવાનો નિર્ણય લીધો છે. રવીન્દ્ર જાડેજાએ પણ તેનો સારો સાથ આપ્યો અને 47 બોલમાં 32 રન બનાવીને સ્ટ્રાઈક રોટેટ કરતો રહ્યો. બંને વચ્ચેની ભાગીદારી 66 રન સુધી પહોંચી ગઈ છે. દેવદત્ત પડિકલે શ્રીલંકા સામે બીજી ટેસ્ટમાં સદી ફટકારી દીધી. તેણે 168 બોલમાં પોતાની સદી પૂરી કરી. આ તેના ટેસ્ટ કરિયરની બીજી સદી છે. ખાસ વાત એ છે કે પડિકલે સતત બે ટેસ્ટમાં સદી ફટકારી છે. આ પહેલા તેણે ગૉલ ટેસ્ટની પહેલી ઈનિંગ્સમાં 167 રન બનાવ્યા હતા. પડિકલે 69.6 ઓવરમાં પ્રબથ જયસૂર્યાના બોલ પર લોંગ-ઓન તરફ એક રન લઈને સદી પૂરી કરી. સદી પછી તેણે હેલ્મેટ ઉતારીને ડ્રેસિંગ રૂમ તરફ બેટ ઊંચું કર્યું.

### જયસ્વાલે શ્રીલંકન બોલરના માથે હેલ્મેટ ભટકાડ્યું

ભારત અને શ્રીલંકા વચ્ચે કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબ (SSC)માં ટેસ્ટ સિરીઝની બીજી અને છેલ્લી મેચ રમાઈ રહી છે. આ મુકાબલાના પહેલા દિવસે મેદાન પર ગરમાગરમી જોવા મળી. તેમાં ભારતીય ઓપનર જયસ્વાલ અને શ્રીલંકન ફાસ્ટ બોલર અસિથા ફર્નાન્ડો હતા. જયસ્વાલને બોલ્ડ કર્યા પછી અસિથાએ આક્રમક અંદાજમાં સેલિબ્રેશન કર્યું, જેના કારણે માહોલ ગરમાયો. સ્થિતિ ત્યાં સુધી પહોંચી ગઈ કે બંને વચ્ચે બોડી કોન્ટેક્ટ પણ થયો. આખરે શ્રીલંકન કેપ્ટને બન્નેને છૂટા પાડ્યા. ટૉસ જીતીને પહેલી બેટિંગ કરતા ભારતીય ઓપનર્સે ટીમને જોરદાર શરૂઆત અપાવી. જેમાં જયસ્વાલ ક્રિઝ પર જામી ચૂક્યો હતો અને એગ્રેસિવ બેટિંગ કરી રહ્યો હતો. ભારતીય ઓપનરે ઈનિંગ્સની 17મી ઓવરમાં અસિથા ફર્નાન્ડો સામે ત્રણ ચોગ્ગા ફટકાર્યા, પણ શ્રીલંકન




ફાસ્ટ બોલરે શાનદાર કમબેક કરતા ઓવરના છેલ્લા બોલે વિકેટ મેળવી. અસિથા રાઉન્ડ ધ વિકેટ બોલિંગ કરવા આવ્યો અને તેણે લેન્થ બોલ અંદરની તરફ સ્વિંગ કરાવ્યો. જયસ્વાલે તેને ઓફ સાઈડમાં પંચ કરવાનો પ્રયાસ કર્યો, પણ બોલ ઈનસાઈડ એડ્જ લઈને સ્ટમ્પ્સ સાથે અથડાયો. વિકેટ મેળવતા જ અસિથા ફર્નાન્ડોનો જોશ જોવા જેવો હતો. તેણે જયસ્વાલને આક્રમક અંદાજમાં સેન્ડ ઓફ આપ્યું, પણ આ પછી મામલો થોડો વધુ ગરમ થઈ ગયો.

### કુલ 10 ઓવરમાં 12 રન આપી 6 વિકેટ ઝડપી

## સ્ટાર્કે બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ: બાંગ્લાદેશ ઘૂંટણિયે, માત્ર 64 રનમાં ઓલઆઉટ

ઢાકા

ઓસ્ટ્રેલિયાના ડાબોડી સ્ટાર ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં એક મોટો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. બાંગ્લાદેશ સામે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચમાં સ્ટાર્કે ટેસ્ટ મેચની પ્રથમ ઓવરમાં સૌથી વધુ વિકેટ ઝડપવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તેણે ઈંગ્લેન્ડના દિગ્ગજ ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસનને પાછળ છોડીને આ સિદ્ધિ હાંસલ કરી છે. જેમ્સ એન્ડરસનનો રેકોર્ડ તોડ્યો ઓસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશ વચ્ચેની બીજી ટેસ્ટ પહેલાં ટેસ્ટ મેચના પ્રથમ બોલ અથવા પ્રથમ ઓવરમાં સૌથી વધુ વિકેટ



ઝડપવાના મામલે મિચેલ સ્ટાર્ક અને જેમ્સ એન્ડરસન 8-8 વિકેટ સાથે બરાબરી પર હતા. જોકે, બાંગ્લાદેશ સામે મેચના પહેલા જ બોલ પર ઓપનર શાદમાન ઈસ્લામને પ્લેટિનમ ડક (0) પર આઉટ કરીને સ્ટાર્કે 9મી વખત આ કારનામું કર્યું અને એક નવો ઈતિહાસ રચી દીધો. મિચેલ સ્ટાર્કની ઘાતક બોલિંગ સામે બાંગ્લાદેશની આખી ટીમ પ્રથમ દાવમાં માત્ર 64 રનના સ્કોર પર જ ઢગલો થઈ ગઈ હતી. સ્ટાર્કે પ્રથમ ઓવરમાં શાદમાન ઈસ્લામને આઉટ કર્યા બાદ પોતાની બીજી ઓવરમાં બેક-ટુ-બેક બે બોલમાં બે વિકેટ ઝડપી હતી. તેણે પાછલી મેચના સેન્ચુરિયન તંજીદ હસનને 0 પર અને ત્યારબાદ કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોને ગોલ્ડન ડક (0) પર પેવેલિયન ભેગો કર્યો હતો. ત્યારબાદ ઈનિંગ્સની 5મી ઓવરમાં મોમિનુલ હક (9 રન) અને 7મી ઓવરમાં લિટન દાસ (0)ને આઉટ કરીને સ્ટાર્કે માત્ર 42 મિનિટ અને 22 બોલમાં પોતાની 5 વિકેટ હોલ પૂર્ણ કરી લીધી હતી.

## ત્રિશા-ગાયત્રીએ બ્રોન્ઝ મેડલ જીતી રચ્યો ઈતિહાસ

### BWF વર્લ્ડ ચેમ્પિયનશિપ 2026: 15 વર્ષનો દુકાળ ખતમ

નવી દિલ્હી

BWF એટલે કે વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2026માં ભારતની ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ જોડીએ ભારત માટે મેડલ જીતીને મહિલા ડબલ્સમાં 15 વર્ષનો લાંબો દુષ્કાળ ખતમ કરવાનું કામ કર્યું છે. નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં રમાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપની મહિલા ડબલ્સની સેમિફાઈનલમાં ભારતીય જોડીનો મુકાબલો વર્લ્ડ નંબર-1 અને ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીનની લિયુ શેંગશુ અને ટેન નિંગની જોડી સામે હતો. 1 કલાક 11 મિનિટ સુધી ચાલેલી આ




રોમાંચક મેચમાં ત્રીસા-ગાયત્રીનો 21-18, 13-21, 8-21 થી પરાજય થયો હતો. સેમિફાઈનલમાં હાર છતાં, તેમણે બ્રોન્ઝ મેડલ (કાંસ્ય ચંદ્રક) પોતાના નામે કર્યો છે. જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોનપ્પા પછી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મેડલ જીતનારી ત્રીસા-ગાયત્રી ભારતની માત્ર બીજી મહિલા ડબલ્સ જોડી બની ગઈ છે. આ અગાઉ વર્ષ 2011ની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોનપ્પાની જોડીએ બ્રોન્ઝ મેડલ જીતીને આ કમાલ કર્યો હતો. ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદ 2026 ની એશિયન ગેમ્સ માટેની ભારતીય બેડમિન્ટન ટીમનો પણ મહત્વનો હિસ્સો છે. BWF વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2026માં ભારતીય જોડી ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદે બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે. નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં ચીનની વર્લ્ડ નંબર-1 જોડી સામે સેમિફાઈનલમાં હાર છતાં, તેમણે મેડલ જીત્યો.



### આગામી 5 વર્ષમાં ધિરાણ વ્યવસ્થામાં

## ગોલ્ડ લોનનો હિસ્સો 10 ટકા પહોંચવાની ધારણા

મુંબઈ

હવે ભારતમાં જ એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA)નું એન્જિન બનશે. આ માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને રોલ્સ-રોયસે શુક્રવારે ભાગીદારી કરી છે. બંને કંપનીઓ મળીને એક સ્પેશિયલ એરોસ્પેસ ગેસ ટર્બાઈન કોમ્પ્લેક્સ બનાવશે. જેમાં સંપૂર્ણપણે સ્વદેશી અને સાર્વભૌમ એન્જિનની ડિઝાઈન, ડેવલપમેન્ટ, ટેસ્ટિંગ, મેન્યુફેક્ચરિંગ અને ડિલિવરી કરશે. સાથે જ લાઈફટાઈમ સપોર્ટ પણ આપવામાં આવશે. ભારતમાં જેટ એન્જિનોનું સ્પેશિયલ સેન્ટર બનશે રિલાયન્સ અને રોલ્સ-રોયસ મળીને ભારતમાં એક 'એરોસ્પેસ ગેસ ટર્બાઈન કોમ્પ્લેક્સ' બનાવવાની તૈયારીમાં છે. આ



દેશમાં એન્જિનોની નવી ટેકનોલોજી તૈયાર કરનાર સૌથી મોટા સેન્ટર તરીકે કામ કરશે. આના બનવાથી ભારતને હાઈ-ટેક ફાઈટર જેટ એન્જિન બનાવવાની બાબતમાં આખી દુનિયામાં એક નવી મજબૂતી મળશે. અનંત બોલ્યા- ભારત આત્મનિર્ભર બનશે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણીએ જણાવ્યું હતું કે દેશની સુરક્ષા અને મજબૂતી માટે ભારત પાસે પોતાની ટેકનોલોજી હોવી ખૂબ જ જરૂરી છે. રોલ્સ-રોયસ સાથે મળીને અમે ભારતમાં જ ફાઈટર જેટના એન્જિન બનાવવાની સિસ્ટમ તૈયાર કરીશું. આનાથી ભારત સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર તો બનશે જ, સાથે જ દુનિયાના બજારોને પણ ટક્કર આપી શકશે. આ આત્મનિર્ભર ભારત મિશનના સ્વપ્નને પૂરું કરવામાં અમારું એક યોગદાન છે. રોલ્સ-રોયસના CEO તુફાન એર્ગિનબિલ્ગિકે જણાવ્યું હતું કે રિલાયન્સ સાથેની આ ભાગીદારી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આના દ્વારા રોલ્સ-રોયસની એન્જિન બનાવવાની 100 વર્ષ જૂની ટેકનોલોજી અને રિલાયન્સની તાકાત એકસાથે આવશે.

### થોડા સમયના અંતરાલ પછી સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ ઇશ્યુઅન્સમાં વધારો થશે

## વિદેશી ડિપોઝિટ વિન્ડો બંધ થતાં બેંકોનો ફંડિંગ ખર્ચમાં થયેલો વધારો

મુંબઈ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વિદેશી ડિપોઝિટ સુવિધા વહેલી બંધ કરવાની જાહેરાત બાદ બેંકો માટે અલ્પકાલીન ધિરાણ ખર્ચ (શોર્ટ-ટર્મ બોરોઇંગ કોસ્ટ) એક મહિનામાં સૌથી વધુ વધ્યો છે. આ નિર્ણયથી બેંકો પાસેથી સસ્તું અને સ્થિર ભંડોળ મેળવવાનો સ્ત્રોત છીનવાઈ ગયો છે. ડેટા અનુસાર, ગુરુવારે ત્રણ મહિનાના સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ (સીડી) ના દરો ૧૬ બેસિસ પોઈન્ટ વૃધીને ૬.૫૯% થયા હતા, જે ૧૪ જુલાઈ પછીનો સૌથી મોટો વૃધારો છે. છ મહિનાનો દર ૧૦ જુલાઈ પછીના સૌથી મોટા સાપ્તાહિક વૃધારા તરફ આગળ વૃધી રહ્યો છે. સટફિકેટ ઓફ ડિપોઝિટ એવા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ છે જે એક વર્ષની અંદર પાકે છે.




આ સુવિધા હેઠળ ૫૦ બિલિયન ડોલરથી વૃધુનું ભંડોળ આકર્ષિત થયા બાદ, રિઝર્વ બેંક એ ગયા અઠવાડિયે ૩૧ ઓગસ્ટે બિન-નિવાસી ભારતીયો/વિદેશીઓ માટેની વિશેષ ડાલર ડિપોઝિટ વિન્ડો બંધ કરવાની જાહેરાત કરીને બજારોને આંચકો આપ્યો હતો. ધિરાણકર્તાઓ આ ડિપોઝિટનો ઉપયોગ લોનની મજબૂત વૃદ્ધિને ફંડ કરવા અને વધુ મોંઘી સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ ને બદલવા માટે કરી રહ્યા હતા. જાણકારોએ જણાવ્યું હતું કે, મની-માર્કેટના દરો સ્થિર થતાં પહેલાં વધુ ૫ બેસિસ પોઈન્ટ વૃધી શકે છે. એવી અપેક્ષા રાખીએ છે કે થોડા સમયના અંતરાલ પછી સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ ઈશ્યુઅન્સમાં વધારો થશે. વિદેશી ડિપોઝિટના મજબૂત પ્રવાહને કારણે સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ ઈશ્યુઅન્સમાં ઘટાડો થયો હતો. ડેટા મુજબ, ૩૧ જુલાઈના રોજ પૂરા થયેલા પખવાડિયામાં બેંકોએ રૂ. ૫૭,૧૨૦ કરોડનું શોર્ટ-ટર્મ ડેટ વેચ્યું હતું, જે જૂનના પ્રથમ ૧૫ દિવસમાં આશરે રૂ. ૧ લાખ કરોડ હતું. ઘરેલુ બેંકો લોનની માંગ પૂરી કરવા માટે સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ પર નિર્ભર રહી છે.

### એરટેલ ટોપ લૂઝર, વેલ્યુ ₹28,052 કરોડ ઘટી; LICની વેલ્યુ વધી

## ટોપ-10માં 4 કંપનીઓનું માર્કેટ-કેપ ₹87,960 કરોડ ઘટ્યું

### જ્યારે 6 કંપનીઓ - LIC, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, લાર્સન એન્ડ ટુબ્રો, બજાજ ફાઇનાન્સ, ICICI બેંક અને HDFC બેંકની માર્કેટ વેલ્યુ વધી છે

મુંબઈ

ગયા અઠવાડિયે ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ દરમિયાન દેશની 10 સૌથી વેલ્યુએબલ કંપનીઓમાંથી 4નું માર્કેટ કેપ કુલ મળીને 87,960 કરોડ ઘટ્યું છે.

આ સમય દરમિયાન, ટેલિકોમ સેક્ટરની અગ્રણી કંપની ભારતી એરટેલના માર્કેટ વેલ્યુએશનમાં સૌથી મોટો 28,052.96 કરોડનો ઘટાડો જોવા મળ્યો. તેની વેલ્યુએશન ઘટીને 12.15 લાખ કરોડ થઈ ગઈ છે. એરટેલ ઉપરાંત, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને હિન્દુસ્તાન યુનિલિવરનું માર્કેટ કેપ પણ ઘટ્યું છે. જ્યારે 6 કંપનીઓ - LIC, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, લાર્સન એન્ડ ટુબ્રો, બજાજ ફાઈનાન્સ, ICICI બેંક અને HDFC બેંકની માર્કેટ વેલ્યુ વધી છે. ગયા અઠવાડિયે સેન્સેક્સ 468.42 પોઈન્ટ (0.60%) અને NSE નિફ્ટી 114 પોઈન્ટ (0.46%) ઘટીને બંધ થયા હતા. માર્કેટ કેપ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર એટલે કે તે બધા શેર જે હાલમાં તેના શેરહોલ્ડરો પાસે છે, તેની વેલ્યુ છે. તેનું કેલ્ક્યુલેશન કંપની દ્વારા જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને તેની કિંમત વડે ગુણીને કરવામાં આવે છે. માર્કેટ કેપના ઉતાર-ચઢાવનો કંપની અને રોકાણકારો પર શું પ્રભાવ પડે છે?







કંપની પર અસર : મોટો માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપની હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઓછી થઈ જાય છે. રોકાણકારો પર અસર : માર્કેટ કેપ વધવાથી રોકાણકારોને સીધો ફાયદો થાય છે. કારણ કે તેમના શેરની કિંમત વધી જાય છે. તે જ સમયે, ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેનાથી રોકાણકારો શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે. ઉદાહરણ: જો TCSનું માર્કેટ કેપ 12.43 લાખ કરોડ વધે છે, તો રોકાણકારોની સંપત્તિ વધશે, અને કંપનીને ભવિષ્યમાં રોકાણ માટે વધુ મૂડી મળી શકે છે. પરંતુ જો માર્કેટ કેપ ઘટે છે તો તેનું નુકસાન થઈ શકે છે.

## ડેરિવેટિવ્સમાં પ્રોપ્રાઈટરી ટ્રેડરો કમાયા, રોકાણકારોને નુકસાન

- **સેબીના અભ્યાસ મુજબ, શેરબજારમાં ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગમાં પ્રોપ્રાઇટરી ટ્રેડર્સે નાણાકીય વર્ષ 2026માં ₹44,483 કરોડનો નફો કર્યો.**

મુંબઈ

ભારતીય શેરબજારમાં ડેરિવેટિવ્સ ટ્રેડિંગમાં પ્રોપ્રાઈટરોને બખ્ખાં થઈ રહ્યા છે જ્યારે રિટેલ રોકાણકારો ભારે નુકસાન કરી રહ્યા હોવાનું સિક્યુરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના એક અભ્યાસમાં જણાયું હતું.પ્રોપ્રાઈટરી ટ્રેડર્સ એટલે કે સ્ટોક બ્રોકરો જેઓ પોતાના એકાઉન્ટ પર ડેરિવેટિવ્સ વેપાર કરે છે, તેમણે નાણાં વર્ષ ૨૦૨૬માં આવા વેપાર પર રૂપિયા ૪૪૪૮૩ કરોડનો નફો કર્યો હતો જ્યારે નાણાં વર્ષ ૨૦૨૫માં આ આંક રૂપિયા ૪૫૯૫૫ કરોડ રહ્યો હતો. બીજી બાજુ વ્યક્તિગત અથવા રિટેલ ટ્રેડરોએ નાણાં વર્ષ ૨૦૨૬માં રૂપિયા ૯૧૬૮૫ કરોડની ખોટ કરી હતી. નાણાં વર્ષ ૨૦૨૫માં આ આંક રૂપિયા ૧.૧૨ ટ્રિલિયન રહ્યો હતો. એલ્ગોરિધમ ટ્રેડિંગમાં ફાવટ ઉપરાંત ગણતરીપૂર્વકના ટ્રેડિંગને કારણે વ્યક્તિગત રોકાણકારોની સરખામણીએ સ્ટોક બ્રોકરો ડેરિવેટિવ્સ વેપાર પર નફો કરી શકે છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. ઓપ્શન્સ વેપાર પ્રોપ્રાઈટરી ટ્રેડરોનો નફો વધારનારુ મુખ્ય માધ્યમ રહ્યું છે. પ્રોપ્રાઈટરી ટ્રેડરોને બેન્ક ગેરન્ટી માટે રિઝર્વ બેન્કના નવા ધોરણોની પ્રોપ્રાઈટરી ડેરિવેટિવ્સ વેપાર પર કેવી અસર થઈ છે તેનો અંદાજ આવતા વર્ષે મેળવી શકાશે.


## AIથી ઉમેદવારોની ઓળખ, GPSથી વાહનોનું લાઈવ મોનિટરિંગ

# અમદાવાદમાં પોલીસ ભરતીની લેખિત પરીક્ષા: 952 કેન્દ્રો પર 32,457 ઉમેદવારોની કસોટી

અમદાવાદ

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા રાજ્ય પોલીસ દળમાં PSI (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, PSI (મોટર ટ્રાન્સપોર્ટ) અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)ની વિવિધ જગ્યાઓ માટે લેખિત પરીક્ષા યોજાઈ રહી છે. અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કુલ 952 પરીક્ષા કેન્દ્રો પર 32,457 ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે. જેમાં અમદાવાદ શહેરમાં 69 શાળા-કોલેજના 688 બ્લોકમાં 20,613 ઉમેદવારો અને અમદાવાદ ગ્રામ્યમાં 27 શાળા-કોલેજના 264 બ્લોકમાં 11,844 ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે.

PSI (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટરની લેખિત પરીક્ષા સવારે 9.30થી બપોરે 12.30 સુધી 200 માર્ક્સની છે. જ્યારે PSI (મોટર ટ્રાન્સપોર્ટ)ની પરીક્ષા પણ સવારે 9.30થી 12.30 દરમિયાન 210 માર્ક્સની છે. હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)ની પરીક્ષા બપોરે 3થી સાંજના 6 વાગ્યા સુધી 210 માર્ક્સની રહેવાની છે. તમામ પરીક્ષાઓ MCQ પદ્ધતિથી લેવામાં આવી રહી છે. ઉમેદવારોએ પાસ થવા માટે Part-A અને Part-B બંનેમાં અલગ-અલગ ઓછામાં ઓછા 40 ટકા માર્ક્સ મેળવવા ફરજિયાત છે. પરીક્ષામાં ખોટા જવાબ માટે માઈનસ માર્કિંગની પદ્ધતિ પણ લાગુ રાખવામાં આવી છે.





પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને સમગ્ર પ્રક્રિયા પારદર્શક રહે તે માટે ભરતી બોર્ડ દ્વારા મલ્ટિપલ સિક્યુરિટી લેયર્સ તૈયાર કરવામાં આવ્યા છે. પરીક્ષા વ્યવસ્થામાં 1,100થી વધુ પોલીસ કર્મચારીઓ અને 1,500થી વધુ શિક્ષણ વિભાગના કર્મચારીઓ ફરજ પર રાખવામાં આવ્યા છે. ઉમેદવારોની ઓળખ માટે પરીક્ષા કેન્દ્રો પર ચહેરાની ઓળખ માટે AI ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પરીક્ષા સાહિત્યની હેરફેર કરતા તમામ વાહનોનું કરાઈ ખાતેના કંટ્રોલ રૂમમાંથી GPS મારફતે લાઈવ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ઉમેદવારોના અસલ ડોક્યુમેન્ટની ચકાસણી કરીને પ્રવેશ આપવામાં આવ્યો છે.

**પરીક્ષા વ્યવસ્થામાં 1,100થી વધુ પોલીસ કર્મચારીઓ અને 1,500થી વધુ શિક્ષણ વિભાગના કર્મચારીઓ ફરજ પર રાખવામાં આવ્યા**

પરીક્ષા આપવા આવેલા અમદાવાદના દર્શન ચૌહાણ અને વડોદરાના તુષાર નામના ઉમેદવારોએ જણાવ્યું કે, તેઓ નોકરી કરવાની સાથે છેલ્લા 3થી 6 મહિનાથી સમયનું યોગ્ય સંચાલન કરીને આ પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. રજાના દિવસોમાં વધુ સમય ફાળવીને તેમજ જનરલ એબિલિટી અને ટેકનિકલ વિષયો પર ભાર મૂકીને હકારાત્મક ઊર્જા સાથે તેઓ પરીક્ષા આપી રહ્યા છે.

## શાંતિ સમિતિના આગેવાનો સાથે બેઠક

# ઈદ-એ-મિલાદને લઈને ગોમતીપુર, બાપુનગર સહિતના વિસ્તારમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ



અમદાવાદ

આગામી 26 ઓગસ્ટના રોજ ઈદે મિલાદનો તહેવાર હોવાના કારણે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ દ્વારા જુલુસના રોડ ઉપર ફૂટ પેટ્રોલિંગ અને મુસ્લિમ સમાજના આગેવાનો સાથે બેઠક કરવામાં આવી રહી છે. ઈદે મિલાદના ઝુલુસને લઈને ઝોન 5 ડીસીપીની આગેવાનીમાં શહેરના ગોમતીપુર, બાપુનગર અને રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રે ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગુનેગારોમાં તહેવાર દરમિયાન ડર રહે અને શાંતિપૂર્વક તહેવારની ઉજવણી કરી શકે તેને લઈને ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે.

ઝોન 5 ડીસીપી જીતેન્દ્ર અગ્રવાલએ જણાવ્યું હતું કે, શહેરના રખિયાલ, ગોમતીપુર અને બાપુનગર વિસ્તારમાં 26 ઓગસ્ટના રોજ ઈદે મિલાદનું ઝુલુસ નીકળવાનું છે, જેને ધ્યાનમાં રાખીને એસીપી અને વિસ્તારના ડીસીપી સાથે મળીને ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે. 100થી વધારે પોલીસ કર્મચારીઓ સાથે જોડાયા છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તહેવાર દરમિયાન જળવાઈ રહે તેને લઈને ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે. રૂટ પર મુસ્લિમ સમાજના આગેવાનો અને શાંતિ સમિતિના આગેવાનો સાથે બેઠક કરવામાં આવી છે.

## વિધાસહાયકનો પતિ સામે ગંભીર આક્ષેપ

# 50 લાખ માટે પરિણીતાને મારઝુડ : રાણીપમાં સાસરિયાઓ સામે ફરિયાદ

### મકાન ખરીદવા માટે રૂપિયાની માંગણીનો આરોપ; ઇનકાર કરતાં મારપીટ અને આપઘાતના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપ્યાનો ફરિયાદમાં ઉલ્લેખ

અમદાવાદ

અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતી અને વિદ્યાસહાયક તરીકે ફરજ બજાવતી 31 વર્ષીય પરિણીતાને મકાન ખરીદવા માટે પિયરમાંથી 50 લાખ રૂપિયા લઈ આવવા બાબતે સાસરિયાઓ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. પરિણીતાએ નાણાં લાવવાનો ઈનકાર કરતાં ઉશ્કેરાયેલા પતિએ તેને ઢોર માર માર્યો હતો અને જો રૂપિયા નહીં લાવે તો મોં પર એસિડ ફેંકી સમાજમાં મોં બતાવવા લાયક નહીં રાખવાની ખુલ્લી ધમકી આપી ઘરમાંથી હાંકી કાઢી હતી. આ અસહ્ય ત્રાસથી કંટાળીને પરિણીતાએ પૂર્વ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ સહિત સાસરિયાઓ વિરુદ્ધ ગુનો નોંધાવતાં પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.



મૂળ માંડલની વતની અને રાણીપમાં રહીને શિક્ષિકા તરીકે નોકરી કરતી યુવતીના લગ્ન વર્ષ 2024 માં ઘાટલોડિયાના યુવક સાથે થયા હતા. લગ્નના થોડા સમય બાદ જ સાસુ-સસરા અને પતિએ નવું મકાન ખરીદવાના બહાને પિયરમાંથી 50 લાખ રૂપિયાની માતબર રકમ લઈ આવવા દબાણ શરૂ કર્યું હતું. પરિણીતાએ આટલી મોટી રકમ લાવવામાં અસમર્થતા દર્શાવતાં પતિએ તેની સાથે ઉગ્ર ઝઘડો કરી નિર્દયતાપૂર્વક મારપીટ કરી હતી. આટલેથી ન અટકતાં પતિએ પોતે આપઘાત કરી પરિણીતા તેમજ તેના માતા-પિતાને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

આરોપી પતિ પરિણીતાના મોબાઈલ ફોનનો તમામ કંટ્રોલ અને એક્સેસ પોતાની પાસે રાખતો હતો તેમજ તેને પિયર જવા કે માતા-પિતા સાથે કોઈપણ પ્રકારનો સંપર્ક રાખવા દેતો નહોતો.

# ઈન્સ્ટાગ્રામ પર યુવતી સાથે દોસ્તીની લાલચ પડી ભારે, અમદાવાદમાં PGમાં રહેતા યુવક પાસેથી 9.50 લાખ પડાવ્યા!

અમદાવાદ

અમદાવાદમાં 24 વર્ષીય યુવક ઈન્સ્ટાગ્રામ પર યુવતી સાથે મિત્રતાની જાહેરાત જોઈ ફસાયો. હુકમસિંહે રજિસ્ટ્રેશન ફીના 500 રૂપિયા લીધા બાદ યુવતીના ફોટો મોકલ્યા. પાલડીની હોટલમાં યુવતીને મળવા પહોંચેલા યુવક પાસેથી 14,000 માંગ્યા. બાદમાં સર્વિસ કેન્સલેશન, રિફંડ સહિતના બહાને કુલ 9.50 લાખ પડાવ્યા. છેતરપિંડીનો ભોગ બનતા યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.


સોશિયલ મીડિયા પર યુવતી સાથે મિત્રતા અને હોટલમાં મુલાકાત કરાવવાની જાહેરાત જોઈને તેના પર વિશ્વાસ કરવો એક યુવકને ભારે પડ્યો હતો. મૂળ મધ્ય પ્રદેશનો અને અમદાવાદના પાલડી વિસ્તારમાં પીજીમાં રહેતો 24 વર્ષીય યુવક ઈન્સ્ટાગ્રામ પર એક સ્પોન્સર્ડ એડવર્ટાઈઝ જોઈને તેમાં આપેલા નંબર પર કોન્ટેક્ટ કર્યો હતો. સામેવાળાએ પોતાનું નામ હુકમસિંહ હોવાનું જણાવી યુવક પાસેથી સૌપ્રથમ 500 રૂપિયા રજિસ્ટ્રેશન ફી લીધી હતી. ત્યારબાદ ચારથી પાંચ યુવતીના ફોટોગ્રાફ મોકલવામાં આવ્યા હતા, જેમાંથી યુવકે એક યુવતીની પસંદગી કરી હતી. મળતી માહિતી મુજબ, યુવતીને પાલડીની હોટલમાં મળવા પહોંચેલા યુવક પાસેથી મુલાકાત ચાર્જ અને હોટલના રૂમના ભાડા સહિત રૂપિયા 14 હજારની માંગણી કરવામાં આવી હતી.

## અમદાવાદમાં ચાની ચૂસ્કી મોંઘી થવાના એંધાણ

# ખાંડના ભાવ વધતાં અમદાવાદમાં કટિંગ ચા મોંઘી થશે: 15ની ચા હવે રૂ.18-20માં મળવાની શક્યતા

અમદાવાદ

અમદાવાદ શહેરની ઓળખ સમાન સવારની કડક-મીઠી ચાની ચૂસ્કી હવે નાગરિકોના ખિસ્સા પર ભારે પડવાની છે. બજારમાં ખાંડના ભાવમાં આવેલા તોતિંગ ઉછાળાના કારણે ચાના વેપારીઓ અને કિટલી સંચાલકો માટે જૂના ભાવે ચા વેચવી મુશ્કેલ બની ગઈ છે. ખાંડના ભાવમાં પ્રતિ કિલોએ 20થી 25 રૂપિયાનો સીધો વધારો થતાં હવે અમદાવાદમાં ફુલ ચા અને કટિંગ ચાના દરોમાં વધારો કરવાની વેપારીઓ ગંભીર વિચારણા કરી રહ્યા છે, જેને પગલે સામાન્ય નાગરિકોને કટિંગ ચા માટે 15 રૂપિયાના બદલે 18 થી 20 રૂપિયા સુધીનો ખર્ચ કરવો પડી શકે છે. ચાની દુકાન ચલાવતા ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે ખાંડના ભાવ વધારાની સીધી અસર તેમના દૈનિક વેપાર પર પડી રહી છે. ભૂતકાળમાં જ્યારે ખાંડનો ભાવ 30 રૂપિયા પ્રતિ કિલો હતો ત્યારે ચા 10 રૂપિયામાં મળતી હતી, ત્યારબાદ ખાંડ 45 રૂપિયા થતાં ચાનો ભાવ વધારીને 15 રૂપિયા કરવામાં આવ્યો હતો. જોકે, હવે ખાંડમાં સીધો 25 રૂપિયાનો વધારો થઈને પ્રતિ કિલોનો ભાવ 70 રૂપિયા પર પહોંચી ગયો છે. કારીગરોના પગાર, દુકાનનું ઊંચું ભાડું અને કાચા માલના વધતા ખર્ચ વચ્ચે 15 રૂપિયામાં ચા આપવી આર્થિક રીતે પોષાય તેમ ન હોવાથી પ્રતિ કપના ભાવ 15 થી વધારીને 18 કે 20 રૂપિયા કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. રજવાડી ચાના સંચાલક રામસિંહભાઈએ ભાવવધારાની ગંભીરતા વર્ણવતાં જણાવ્યું હતું કે, ખાંડની 50 કિલોની બોરી જે અગાઉ 2200 રૂપિયામાં મળતી હતી, તેનો ભાવ સીધો વધીને 3650 રૂપિયા થઈ ગયો છે. આમ, એક બોરી દીઠ સીધો 1400 રૂપિયાનો મોટો વધારો થયો છે. દુકાનનું માસિક 25,000 રૂપિયા જેટલું ભાડું અને અન્ય ખર્ચાઓ વચ્ચે જૂના ભાવે ચા વેચવાથી નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.



વેપારીઓએ જણાવ્યું હતું કે સરકારે તાત્કાલિક ધોરણે દખલ કરીને ખાંડના વધતા ભાવો પર નિયંત્રણ લાવવું જોઈએ, જેથી સામાન્ય જનતા અને નાના વેપારીઓ બંનેને મોંઘવારીના મારથી રાહત મળી શકે.

## મણિનગરમાં જેઠાણીના પ્રેમીની ગંદી હરકત

# દેરાણી-નણંદના અશ્લીલ ફોટો અને રીલ્સ વાઈરલ કરી




અમદાવાદ

અમદાવાદના મણિનગર વિસ્તારમાં મહિલાની બદનામીનો કિસ્સો સામે આવ્યો છે. જેઠાણીના પ્રેમી લખન પ્રજાપતિએ દેરાણીના અશ્લીલ ફોટા-વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હતા. 19 ઓગસ્ટે પતિએ મોબાઈલ ચેક કરતા આ હરકત સામે આવી. લખન ઈન્સ્ટાગ્રામ પર આપત્તિજનક રીલ્સ પણ બનાવતો હતો. પરિવારે તપાસ કરતા લખનનું નામ ખુલ્યું. પીડિતાએ મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મણિનગર વિસ્તારમાં સોશિયલ મીડિયા દ્વારા મહિલાની બદનામી કરવાનો એક ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. જેમાં એક મહિલાની જેઠાણીના પ્રેમીએ જ દેરાણીના કોઈ અજાણ્યા શખસ સાથેના અશ્લિલ તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરી દીધા હતા. એટલું જ નહીં આ શખસે ઈન્સ્ટાગ્રામ પર પણ આપત્તિજનક રીલ્સ બનાવીને અપલોડ કરી દેતા, ભોગ બનનાર મહિલાએ મણિનગર પોલીસ મથકના દ્વાર ખખડાવ્યા છે. આ સમગ્ર ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે ગત 19મી ઓગસ્ટની સાંજે મહિલાના પતિએ અચાનક પત્નીનો મોબાઈલ ચેક કર્યો હતો. પતિના હાથમાં મોબાઈલ આવતા તેણે જોયું કે કોઈ અજાણ્યા નંબર પરથી તેની પત્નીના અન્ય શખસ સાથેના બીભત્સ ફોટા વોટ્સએપ પર મોકલવામાં આવ્યા છે.

## લઠ્ઠાકાંડ બાદ દારૂબંધીનો કડક અમલ કરાવા અમદાવાદ પોલીસ જાગી!

# 3 દિવસમાં 436 વિદેશી અને દેશી દારૂના ગુનાઓ નોંધાયા, બુટલેગરો સહિત 476 લોકો સામે કાર્યવાહી

- દેશી-વિદેશી દારૂના કેસોમાં લાખોનો મુદ્દામાલ જપ્ત; 41 ગુનેગારો સામે પાસા હેઠળ કાર્યવાહી કરી જેલમાં મોકલાયા

અમદાવાદ

ભાવનગરમાં લઠ્ઠાકાંડ થયા બાદ રાજ્ય પોલીસ વડાએ શહેરો અને જિલ્લાઓમાં દારૂ અંગેની ડ્રાઈવ રાખવા માટેની સૂચના આપી હતી. અમદાવાદમાં પોલીસે દેશી અને વિદેશી દારૂ વેચનારા બુટલેગરો સામે કાર્યવાહી કરી છે. ત્રણ દિવસમાં તમામ પોલીસ સ્ટેશન, ક્રાઈમ બ્રાન્ચ, પીસીબી અને ઝોન એલસીબીની ટીમોએ દરોડા પાડીને 476 લોકો સામે 436 જેટલા દેશી-વિદેશી દારૂના કેસો નોંધવામાં આવ્યા છે. શહેરમાં દારૂ વેચવાની પ્રવૃત્તિ કરનારા બુટલેગરો સામે પોલીસ કડકમાં કડક કાર્યવાહી કરી રહી છે. રાજ્યમાં દારૂની ગેરકાયેદસર પ્રવૃતિ અંકુશમાં લેવા પોલીસ વડા જી.એસ મલિકે તમામ શહેરો અને જિલ્લાઓમાં સ્પેશીયલ પ્રોહીબીશન ડ્રાઈવ કરવા સૂચના આપી હતી, જેના પગલે અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓને દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવા માટેની સૂચના આપી હતી. શહેરના લિસ્ટેડ બુટલેગર્સ તેમજ ચોરી છુપીથી દારૂની પ્રવૃતિ કરતાં ઈસમોને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં વિદેશી દારૂના 73 કેસો કરવામાં આવ્યા છે. 29.93 લાખની વિદેશી દારૂની બોટલ/બીયર નંગ-11479 સહિત 80.56 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે દેશી દારૂના 336 કેસો કરવામાં આવ્યો છે. 7.38 લાખનો 3693 લીટર દારૂ સાથે 8.43 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે જેમાં 7 લોકો સામે પાસાના કાયદા હેઠળ કાર્યવાહી કરી અલગ અલગ જેલોમાં મોકલી આપવામાં આવ્યા છે. પોલીસ કમિશનર દ્વારા ગુનેગારોને પાસા કરવાની કાર્યવાહી કડક કરવામાં આવી છે, જેના પગલે 41 જેટલા ગુનેગારો સામે પાસાની કાર્યવાહી કરી અલગ અલગ જેલમાં મોકલવામાં આવ્યા છે. જેમાં સૌથી વધારે દેશી અને વિદેશી દારૂ બહારથી મંગાવી વેચનારા તેમજ હેરાફેરી કરનારા સહિતના 18 બુટલેગરો સામે પાછા કરવામાં આવી છે. જ્યારે મિલકત સંબંધી ગુનેગારો 14 અને શરીર સંબંધી જેવા કે મારામારી હત્યા નો પ્રયાસ સહિતના ગુનાઓ કરનારા 9 ગુનેગારો સામે પાસા કરીને જેલમાં મોકલી આપવામાં આવ્યા છે.




# ઠક્કરનગરમાં TVSના શો-રૂમમાં સેલ્સ મેનેજરે 49 લાખની ઉચાપત કરી

### ગ્રાહકોના રૂપિયા પર્સનલ એકાઉન્ટમાં નખાવ્યા, હિસાબ કરતા ભાંડો ફૂટ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરના ઠક્કરનગરમાં ટુ વ્હીલર શો રૂમના સેલ્સ મેનેજરે ગ્રાહકોના વાહનના 49.57 લાખ પોતાના પર્સનલ એકાઉન્ટ અને રોકડમાં લઈને કંપનીમાં જમા ન કરાવી ઉચાપત આચરી હતી. તેમજ ગ્રાહકોને નકલી રસીદો આપી હતી. માલિકે સીએ સાથે મળીને હિસાબ કરતા ભાંડો ફૂટ્યો હતો. આ અંગે માલિકે સેલ્સ મેનેજર સામે કૃષ્ણ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



મણિનગરમાં રહેતા હર્ષ પંડ્યા ઠક્કરનગરમાં મહાલક્ષ્મી TVS નામના શો રૂમ ધરાવે છે. તેમના શો રૂમમાં સેલ્સ મેનેજર તરીકે બાપુનગરનો મિતેષ રાવલ 10 મહિનાથી નોકરી કરતો હતો. જેમાં મિતેષનું કામ વાહનનું વેચાણ કરીને રૂપિયા એકાઉન્ટમાં જમાં કરાવવાનું હતું. 10 ઓગસ્ટે હર્ષ પંડ્યા જ્યારે સીએ સાથે મળી હિસાબ કરતા હતા ત્યારે કેટલીક ગેરરીતિ સામે આવી હતી.

જેમાં એપ્રિલથી જુલાઈ મહિના સુધીના ગ્રાહકોએ આપેલા વાહનના રૂપિયા મિતેશે તેના પર્સનલ એકાઉન્ટમાં મેળવ્યા હતા અને અસલ રિસીપ્ટ પરથી બનાવટી રિસીપ્ટ બનાવી તેનો ઉપયોગ કર્યો હોવાનું સામે આવ્યું હતું. જેથી મિતેશને બોલાવી પૂછપરછ કરતા તેને ગેરરીતિ કરી હોવાનું કબૂલાત કર્યું હતું. કુલ 49.57 લાખની ઉચાપત કરી હોવાનું સામે આવ્યું હતું.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI